પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૬૦ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૬-૦૬-૨૦૨૩ સોમવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## રાષ્ટ્રપતિ અલ-સીસીએ ઓર્ડર ઓફ ધ નાઈલથી મોદીનું સન્માન કર્યું : મોદી એ ૧૧મી સદીની મસ્જિદની પણ મુલાકાત લીધી

ઈજિપ્ત,

ઈજિપ્તની બે દિવસીય મુલાકાતના ભાગરૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૧મી સદીની અલ-હાકીમ મસ્જિદની મુલાકાત લીધી હતી.ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતેહ અલ-સીસીએ મોદીને ઈજિપ્તના સર્વોચ્ચ રાજકીય સન્માન 'ઓર્ડર ઓફ ધ નાઈલ'થી સન્માનિત કર્યા હતા. ભારતના બોહરા સમુદાયની મદદથી તેનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું. આ પછી તેઓ હેલિયોપોલિસ સ્મારક પહોંચ્યા.ઁસ્એ અહીં પ્રથમ વિશ્વ યુદ્ધમાં શહીદ થયેલા ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી હતી.




પીએમ મોદી આજે શનિવારે બે દિવસની મુલાકાતે ઈજિપ્ત પહોંચ્યા હતા. મોદીનું એરપોર્ટ પર વડાપ્રધાને સ્વાગત કર્યું હતું. તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. ૧૯૯૭ પછી પહેલીવાર કોઈ ભારતીય વડાપ્રધાન ઈજિપ્ત પહોંચ્યા છે. મોદી અહીં ભારતીય મૂળના લોકોને મળ્યા હતા. ઈજિપ્તમાં રાષ્ટ્રપતિ અબ્દેલ ફતેહ અલ સીસીને પણ મળ્યા. આ વર્ષે ભારતના ૭૪મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં સીસી મુખ્ય અતિથિ હતા. ૬ મહિનામાં બંને દેશોના વડાઓની આ બીજી બેઠક હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતના રાજદૂત અજીત ગુપ્તેએ કહ્યું કે ભારત અને ઈજિપ્ત વચ્ચેના વેપાર સંબંધો ચાર હજાર વર્ષ જૂના છે. પીએમ મોદીની આ મુલાકાત સંબંધોને વધુ મજબૂત બનાવશે.

કૈરોની હોટેલમાં તેમના આગમન પર ભારતીય સમુદાય દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન વંદે માતરમ અને મોદી-મોદીના નારા પણ લાગ્યા હતા. સાડી પહેરેલી ઈજિપ્તની મહિલા ડીજેનાએ શોલે ફિલ્મનું ગીત 'યે દોસ્તી હમ નહીં છોડેંગે...' મોદી માટે ગાયું હતું. જ્યારે મહિલાએ ખુલાસો કર્યો કે તે ઓછી હિન્દી જાણતી હતી અને ક્યારેય ભારત આવી ન હતી ત્યારે મોદીને આશ્ચર્ય થયું હતું. મોદીએ મહિલાને કહ્યું- કોઈને એ પણ ખબર નહીં પડે કે તમે ઈજિપ્તની દીકરી છો કે ભારતની દીકરી. શનિવારે, પીએમ મોદીએ ઈજિપ્તના પીએમ મેડબૌલીના નેતૃત્વમાં ઈજિપ્તીયન કેબિનેટના ઈન્ડિયા યુનિટ સાથે રાઉન્ડ ટેબલ ચર્ચામાં પણ ભાગ લીધો હતો. ત્યારબાદ તેઓ કૈરોમાં ભારતીય પ્રવાસી બોહરા સમુદાયના સભ્યો અને યોગ શિક્ષકો રીમ જબાક અને નાદા એડેલને મળ્યા.

ઈજિપ્તનું ભૌગોલિક અને વ્યૂહાત્મક સ્થાન માત્ર ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે ઘણી રીતે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ૧૯૯૭ પછી પ્રથમ વખત કોઈ ભારતીય વડાપ્રધાન ઈજિપ્તની મુલાકાતે છે.સાઉદી અરેબિયાના અખબાર 'ધ નેશનલ' સાથે વાત કરતા પૂર્વ રાજદ્વારી અનિલ ત્રિગુનાયતે કહ્યું- મોદીની મુલાકાત ભારત અને ઈજિપ્તના ગાઢ સંબંધો દર્શાવે છે. અત્યારસુધી ઈજિપ્તના લગભગ દરેક રાષ્ટ્રપતિ ભારતના પ્રવાસે ગયા છે. અનિલ લિબિયા અને જોર્ડનમાં ભારતના રાજદૂત રહી ચૂક્યા છે.અનિલ કહે છે- ઈજિપ્ત ભારતને ઘણું મહત્ત્વ આપી રહ્યું છે. તે આફ્રિકામાં સૌથી વધુ વસતિ ધરાવતો દેશ છે. ભારત માટે ઈજિપ્ત પણ મહત્ત્વનું છે. સારી વાત એ છે કે બંને દેશોના લોકો વચ્ચે ખૂબ જ ગાઢ સંબંધ રહ્યો છે. ભારતની આઝાદી બાદથી જ બંને દેશો એક યા બીજી રીતે જોડાયેલા છે. ઈજિપ્ત ભારત સાથે સંરક્ષણ અને ટેક્નોલોજી ક્ષેત્રે વેપાર પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

સપ્ટેમ્બરમાં યોજાનારી ૪-૨૦ બેઠકમાં ભાગ લેવા માટે ભારતે ઈજિપ્ત ઉપરાંત ઓમાન અનેં છઈને પણ આમંત્રણ આપ્યું છે. આ દર્શાવે છે કે ભારત આ ક્ષેત્રમાં કેટલી ઝડપથી પોતાનો પ્રભાવ વધારી રહ્યું છે.આ તસવીર આ વર્ષે ૨૫ જાન્યુઆરીની છે. ત્યાર બાદ ઈજિપ્તના રાષ્ટ્રપતિ ગણતંત્ર દિવસ પર મુખ્ય અતિથિ હતા. આ પહેલાં તેઓ હૈદરાબાદ હાઉસમાં વડાપ્રધાન મોદીને મળ્યા હતા.આ તસવીર આ વર્ષે ૨૫ જાન્યુઆરીની છે. ત્યાર બાદ ઈજિપ્તના રાષ્ટ્રપતિ ગણતંત્ર દિવસ પર મુખ્ય અતિથિ હતા. આ પહેલાં તેઓ હૈદરાબાદ હાઉસમાં વડાપ્રધાન મોદીને મળ્યા હતા.યુદ્ધ શરૂ થયા પછી સ્થિતિ વધુ ખરાબ થવા લાગી. ઈજિપ્તમાં ભૂખમરાનું સંકટ ઊભું થવા લાગ્યું હતું. એનું કારણ એ હતું કે યુક્રેનનાં માલવાહક જહાજો અન્ય દેશોને પુરવઠો પહોંચાડવા માટે પોર્ટમાંથી જ નીકળી શક્યા નહિ. આ મુશ્કેલ સમયમાં ભારતે ઈજિપ્તને મદદ કરી હતી. ભારત સરકારે ખૂબ જ ઝડપથી ૬૨ હજાર ટન ઘઉં ઈજિપ્ત મોકલ્યા. બાદમાં ઈજિપ્ત સરકારે ભારત સરકારનો આભાર માનવા માટે ખાસ રાજદ્વારી નોંધ મોકલી.

## ગુજરાત પ્રદેશના આણંદ, પંચમહાલ, દાહોદ મહિસાગર, વડોદરા અને છોટાઉદેપુર માં પાંચ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી

અમદાવાદ,

રાજ્યમાં ચોમાસું વિધિવત રીતે આવી ગયું છે. આ સાથે આવનારા ૪૮ કલાક બાદ ગુજરાતમાં વરસાદ વધારે તેજ બનશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આગામી પાંચ દિવસમાં સૌરાષ્ટ્ર, કચ્છ તથા ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમ જેમ વરસાદ થશે તેમ તેમ રાજ્યમાં ગરમીનું પ્રમાણ ઓછું થશે. આજથી ગુજરાતના ૪૦ ટકા વિસ્તારમાં ચોમાસાનો પ્રારંભ થઈ ગયો છે. રાજ્યમાં ૨૦ ટકા જિલ્લામાં ચોમાસું બેસી ગયુ છે. જોકે, ગુજરાતમાં ચોમાસું ૧૦ દિવસ મોડું બેઠુ છે. ગુજરાતની સાથે મુંબઈમાં પણ આજે જ ચોમાસું બેઠું છે. આજથી પાંચ દિવસ ગુજરાતમાં વરસાદી માહોલ સર્જાશે.



હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યુ છે કે, ગુજરાતમાં આજે ચોમાસાનો વિધિવત પ્રારંભ થઈ ગયો છે. ૪૮ કલાક બાદ ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહી છે. તેમણે વધુમાં એમ પણ જણાવ્યુ કે, સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ચોમાસું બેઠું છે. બે દિવસ બાદ ચોમાસાનું જોર વધી શકે છે. આજથી પાંચ દિવસ રાજ્યમાં વરસાદી વાચાવરણ રહેશે.

તેમણે વધુમાં એમ પણ જણાવ્યુ કે, ચોમાસું આગળ વધવા માટે અનુકૂળ રહેશે. અમદાવાદમાં પણ આગામી પાંચ દિવસમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. આજે ગુજરાત પ્રદેશના આણંદ, પંચમહાલ, દાહોદ મહિસાગર, વડોદરા અને છોટાઉદેપુર જેવા જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે.

આવતી કાલે ૨૬મી તારીખને સોમવારે દક્ષિણ ગુજરાતમાં વલસાડના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ અને દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની સંભાવના છે. ૨૭મી તારીખે એટલે મંગળવારે દક્ષિણ ગુજરાતના વલસાડના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ અને દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની સંભાવના ૨૮મી તારીખે એટલે બુધવારે, દક્ષિણ ગુજરાત પ્રદેશના જિલ્લાઓ નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં અલગ-અલગ સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. ૨૯મી તારીખે ગુરુવારે, દક્ષિણ ગુજરાત પ્રદેશના જિલ્લાઓમાં અલગ-અલગ સ્થળોએ તાપી, ડાંગ, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની સંભાવના છે.

## ક્યાંક કાર તણાઈ તો ક્યાંક બંગલો ધરાશાયી : ભારતના મોટા શહેરો જળબંબાકાર

નવીદિલ્હી,

ચોમાસાની શરૂઆત સાથે જ દેશના અનેક રાજ્યોમાં મુશળધાર વરસાદ શરૂ થઈ ગયો છે. દિલ્હી-મુંબઈમાં ભારે વરસાદ વચ્ચે દુર્ઘટનાની કેટલીક તસવીરો પણ સામે આવી છે. મુંબઈમાં વરસાદના કારણે એક ઈમારત ધરાશાયી થઈ છે, જેમાં બે લોકો ફસાયા હોવાના અહેવાલ છે. આ સાથે હરિયાણાના પંચકુલામાં વરસાદને કારણે એક કાર નદીમાં વહી ગઈ છે. આ તરફ નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર પાણીમાં ડૂબેલા ઈલેક્ટ્રિક વાયરના સંપર્કમાં આવતા એક મહિલાનું મૃત્યુ થયું છે.



હરિયાણાના પંચકુલામાં ખડક મંગોલી પાસે દર્શન કરવા આવેલી એક મહિલાની કાર નદીમાં ધોવાઈ ગઈ. મળતી માહિતી મુજબ, મહિલા તેની માતા સાથે માથું નમાવવા આવી હતી. જ્યારે કાર નદી કિનારે પાર્ક કરવામાં આવી હતી, તે દરમિયાન પાણીનો પ્રવાહ વધી ગયો હતો, જેના કારણે કાર નદીમાં વહી ગઈ હતી.

વિગતો મુજબ વાહનમાં સવાર મહિલાને પંચકુલાની સેક્ટર ૬ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. ઘટનાની માહિતી મળતા સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ક્રેનની મદદથી વાહનને નદીમાંથી બહાર કાઢવાના પ્રયાસો ચાલુ છે. વરસાદના કારણે નદીના પાણી ભરાઈ જવાના કારણે આ અકસ્માત થયો છે.

દિલ્હી-NCR સિવાય મુંબઈમાં છેલ્લા ૨૪ કલાકથી સતત વરસાદ પડી રહ્યો છે. હવે સતત વરસાદની ખરાબ અસર પણ જોવા મળી રહી છે. જેના કારણે ઘાટકોપર ખાતે ત્રિમૂર્તિ બંગલાનો કેટલોક ભાગ ધરાશાયી થયો હતો. ૨ લોકો અંદર ફસાયા છે, ફાયર બ્રિગેડ અને દ્રઢઈહ્વની ટીમ બંને ફસાયેલા લોકોને બહાર કાઢવામાં વ્યસ્ત છે

નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર વરસાદના કારણે પાણી ભરાઈ જવાના કારણે વીજ કરંટ લાગવાથી સાક્ષી આહુજા નામની મહિલાનું મોત થયું હતું. મહિલા તેના પતિ સાથે ક્યાંક જવા માટે રેલવે સ્ટેશન પર ટ્રેન પકડવા આવી હતી. પાણીમાં ડૂબેલા ઈલેક્ટ્રીક વાયરના સંપર્કમાં આવતાં મહિલાનું મોત થયું હતું. આ મામલે રેલવે અને પોલીસ તપાસમાં લાગેલી છે.

હિમાચલ પ્રદેશના કુલ્લુમાં ગઈકાલે રાત્રે અવિરત વરસાદને કારણે લગભગ આઠ વાહનોને નુકસાન થયું હતું. રાતોરાત ભારે વરસાદને કારણે કુલ્લુના મોહલમાં રસ્તાની બાજુમાં પાર્ક કરાયેલા વાહનોમાં પાણી ભરાઈ ગયા હતા. બાદમાં જેસીબીની મદદથી વાહનોને પાણીમાંથી બહાર કાઢવા પડ્યા હતા.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દેશમાં હાલમાં દક્ષિણ ચોમાસું સક્રિય છે. તેણે મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રને આવરી લીધું છે. મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, દિલ્હી અને હરિયાણા, ગુજરાત, રાજસ્થાન, પંજાબ અને જમ્મુના ભાગોમાં પણ ચોમાસાનું આગમન થઈ ગયું છે. આગામી ૨ દિવસમાં તે આગળ વધશે અને અન્ય ભાગોને પણ આવરી લેશે. હાલમાં મુંબઈમાં ૧૮ સે.મી. તે જ સમયે, તે દિલ્હીમાં ૫ સેમી નોંધાયું છે.

## કડીમાં ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં પંચામૃત માણેક મહોત્સવ યોજાયો, મોદીને કર્યા યાદ

મહેસાણા,

મહેસાણાના કડીમાં પંચામૃત માણેક મહોત્સવ યોજાયો હતો. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને પૂર્વ નાયબ મુખ્યપ્રધાન નિતીન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ કન્યા કેળવણીને લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખૂબ યાદ કર્યા હતા.

મહેસાણા ના કડીમાં પંચામૃત માણેક મહોત્સવ યોજાયો હતો. રાજ્યના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને પૂર્વ નાયબ મુખ્યપ્રધાન નિતીન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ભૂપેન્દ્ર પટેલે દિકરીના શિક્ષણનુ મહત્વ સમજાવ્યુ હતુ. મુખ્યપ્રધાને કહ્યુ હતુ કે, કન્યાઓમાં ડ્રોપ રેશીયો ઘટ્યો હોવાનુ કહ્યુ હતુ. અગાઉ ૩૭ ટકા ડ્રોપ આઉટ થતો હતો. અગાઉ ૧૦૦ ટકા નામાંકન બાળકીઓનુ થતુ નહોતુ અને એમાં ૩૭ ટકા ડ્રોપ આઉટ હતો. હવે રાજ્ય સરકાર ૧૦૦ ટકા નામાંકન કરાવવા પ્રયાસ કરે છે અને તેમાં ડ્રોપ આઉટ રેશીયો નહિવત કરવામાં આવ્યો છે.

પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નિતીન પટેલે પાટીદાર સહિત તમામ સમાજમાં દિકરીના શિક્ષણ આપવાને લઈ જાગૃતી વધી હોવાનુ કહ્યુ હતુ. ભૂપેન્દ્ર પટેલ અને નિતીન પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને યાદ કર્યા હતા, જેમણે મુખ્ય પ્રધાન હોવા દરમિયાન દીકરીઓના શિક્ષણને લઈ ચિંતા દર્શાવી પ્રયાસો શરુ કર્યા હતા. નિતીન પટેલે કહ્યુ હતુ કે, નરેન્દ્ર મોદી લોકો પાસે દીકરીઓના શિક્ષણની ભીખ માંગતા અને બીજુ કશુ નથી જોઈતુ એમ કહી કન્યા કેળવણીનો સફળ પ્રયાસ કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ મહેસાણા જિલ્લાના નાની કડી ખાતેના શ્રી સરસ્વતી કન્યા કેળવણી મંડળ સંચાલિત ડી.રાજા વિદ્યાસંકુલના ૪૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આયોજિત પંચામૃત માણેક મહોત્સવમાં પૂર્વ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ તેમજ અન્ય મહાનુભાવો સાથે ઉપસ્થિત રહ્યા હતા.

## ૫૦૦ રૂપિયાની નોટ અંગે મોટા સમાચાર, RBI ગવર્નર સહી પર PIBએ કહી મોટી વાત

નવીદિલ્હી,

૫૦૦ રૂપિયાની નોટને લઈને મોટા સમાચાર આવી રહ્યા છે. ૨૦૦૦ની નોટો બંધ થવાને કારણે નકલી નોટો બજારમાં ધૂમ મચાવી રહી છે. આ દરમિયાન સોશિયલ મીડિયા પર ૫૦૦ રૂપિયાની નોટને લઈને અનેક પ્રકારના નકલી મેસેજ પણ વાયરલ થઈ રહ્યા છે. હાલમાં જ સોશિયલ મીડિયા પર RBI ગવર્નરના હસ્તાક્ષર સંબંધિત એક મેસેજ વાયરલ થઈ રહ્યો છે. જેનું સત્ય PIB ફેક્ટ ચેકરે જણાવ્યું છે. જો તમે પણ ૫૦૦ રૂપિયાની નોટ ન લેવા વિશે સાંભળ્યું છે અથવા વાંચ્યું છે, તો સાવચેત રહો. કારણ કે PIB ફેક્ટ ચેકમાં આ વાત સંપૂર્ણપણે નકલી હોવાનું જણાવવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં તમારે આ મેસેજ પર ધ્યાન આપવાનું ટાળવું જોઈએ. આવો જાણીએ શું છે સમગ્ર મામલો. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક મેસેજમાં કહેવામાં આવ્યું છે કે ૫૦૦ રૂપિયાની નોટ ન લેવી જોઈએ જેમાં લીલી પટ્ટી આરબીઆઈ ગવર્નરના




હસ્તાક્ષરની નજીક નહીં પરંતુ ગાંધીજીની તસવીરની નજીક હોય. આ મેસેજ વાયરલ થતાં લોકોમાં અસમંજસની સ્થિતિ સર્જાઈ છે. PIB ફેક્ટ ચેકે આ મેસેજની હકીકત તપાસી. આવો જાણીએ શું છે આ મેસેજનું સત્ય. PIB ફેક્ટ ચેકને આ મેસેજની વાસ્તવિકતા જાણવા મળી ત્યારે ખુલાસો ખૂબ જ ચોંકાવનારો હતો. પીઆઈબી ફેક્ટ ચેકે આ મેસેજને સંપૂર્ણપણે નકલી ગણાવ્યો છે. આરબીઆઈ અને પીઆઈબીએ સ્પષ્ટ કહ્યું છે કે આવું બિલકુલ નથી. બંને પ્રકારની નોટો માન્ય છે. પીઆઈબીએ લોકોને અપીલ કરી છે કે આવી બાબતો પર બિલકુલ ધ્યાન ન આપો અને મૂંઝવણમાં ન પડો.

## મણિપુરમાં ૧૫૦૦ લોકોએ ૧૨ આતંકવાદીઓને સેના પાસેથી છોડાવ્યા

મણિપુર,

મણિપુરમાં હિંસા શરૂ થયાને ૫૦ દિવસથી વધુ સમય થઈ ગયો છે. પરંતુ, હિંસા હજુ અટકવાનું નામ નથી લઈ રહી. સુરક્ષા દળોએ શનિવારે લોકોની સુરક્ષાને ટાંકીને કાંગેલી યાવોલ કન્ના લુપ જૂથના ૧૨ હુમલાખોરોને મુક્ત કર્યા હતા.

માહિતી આપતા સૈન્ય અધિકારીએ જણાવ્યું કે શનિવારે લગભગ એક ડઝન KYKL આતંકવાદીઓ ઈથમ ગામમાં છુપાયેલા હતા. ગામની મહિલાઓના નેતૃત્વમાં લગભગ ૧૫૦૦ લોકો તેમની સુરક્ષા માટે ઢાલ બનીને રહ્યા.

ભારતીય સેનાના સ્પીયર કોર્પ્સ અનુસાર, ૧૫૦૦ લોકોની ભીડે સુરક્ષા દળોને કાર્યવાહી કરતા રોક્યા હતા. સ્પીયર કોર્પ્સે વધુમાં જણાવ્યું કે સુરક્ષા દળોએ ભીડને અપીલ કરી પરંતુ કોઈ ફાયદો થયો નહીં. આવી સ્થિતિમાં જો સેનાએ કાર્યવાહી કરી હોત તો નાગરિકોને પણ ઘણું નુકસાન થયું હોત. આ જ કારણ છે કે સેના ત્યાંથી માત્ર જપ્ત કરાયેલા હથિયારો લઈને જ પરત ફરી હતી. અગાઉ, સેનાએ ટ્વીટ કર્યું હતું કે "અમારા સૈનિકો અને માનવરહિત એરિયલ વાહનો (યુએવી) વિસ્તાર પર નજર રાખી રહ્યા છે." સ્થિતિ નિયંત્રણમાં છે અને નજીકથી નજર રાખવામાં આવી રહી છે.

વધારાના સૈનિકોને આ વિસ્તારમાં મોકલવામાં આવ્યા છે અને સંયુક્ત ઓપરેશન ચાલુ છે." અધિકારીઓએ જણાવ્યું કે પ્રારંભિક સર્ચ ઓપરેશન દરમિયાન, સુરક્ષા દળોએ એક INSAS લાઈટ મશીનગન અને એકેં દ્રજીછજી રાઈફલ રિકવર કરી છે.

મણિપુરમાં, Meitei સમુદાય વસ્તીના ૫૩ ટકા હિસ્સો ધરાવે છે, મોટે ભાગે ઈમ્ફાલ ખીણમાં રહે છે, જ્યારે નાગા અને કુકી જાતિઓ લગભગ ૪૦ ટકા વસ્તી બનાવે છે અને મોટે ભાગે પહાડી જિલ્લાઓમાં રહે છે. મણિપુરમાં હિંસાનો સામનો કરવા માટે ગઈકાલે ગૃહમંત્રીના નેતૃત્વમાં સર્વપક્ષીય બેઠક પણ યોજાઈ હતી.

## કેદારનાથ ધામમાં વરસાદી મોસમને ધ્યાનમાં રાખીને યાત્રાને રોકી દેવામાં આવી

કાશ્મીર,

કાશ્મીર ખીણના અનંતનાગ જિલ્લામાં અમરનાથની વાર્ષિક યાત્રાનું સંચાલન શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ દ્વારા કરવામાં આવે છે. ૬૨ દિવસની અમરનાથ યાત્રા આ વર્ષે ૧ જુલાઈથી શરૂ થશે અને ૩૧ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ સમાપ્ત થશે.કેદારનાથ ધામઃ કેદારનાથ ધામમાં અવિરત વરસાદથી શ્રદ્ધાળુઓની મુશ્કેલીઓ વધી, ખરાબ હવામાનના કારણે યાત્રા રોકાઈ.કેદારનાથ ધામ વરસાદઃ આ વરસાદને જોતા મુસાફરોને સલામત સ્થળે રોકી દેવામાં આવ્યા છે. હવે આવતીકાલે હવામાન ચોખ્ખું થતાં પ્રવાસ શરૂ થશે. જ્યાં ૫ હજાર મુસાફરોને સોનપ્રયાગમાં અને ૩ હજાર મુસાફરોને ગૌરીકુંડમાં રોકવામાં આવ્યા છે.

કેદારનાથ ધામમાં, પદયાત્રી માર્ગ પર સતત વરસાદ થઈ રહ્યો છે અને આ વરસાદી મોસમને ધ્યાનમાં રાખીને યાત્રાને રોકી દેવામાં આવી છે.

રવિવાર સવારથી કેદારનાથ ધામ સહિતના પદયાત્રાના રૂટ પર વરસાદ પડી રહ્યો છે અને કેદારનાથ ધામમાં વરસાદ અટકવાનું નામ નથી લઈ રહ્યું. તે જ સમયે, આ વરસાદને જોતા, મુસાફરોને સલામત સ્થળે અટકાવવામાં આવ્યા છે. હવે આવતીકાલે હવામાન ચોખ્ખું થતાં પ્રવાસ શરૂ થશે. જ્યાં ૫ હજાર મુસાફરોને સોનપ્રયાગમાં અને ૩ હજાર મુસાફરોને ગૌરીકુંડમાં રોકવામાં આવ્યા છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
એ. કે. ખત્રી
તરફથી અભીનંદન....
મુ. સાલવડ,
તા. જાંબુઘોડા,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
એચ.એચ. બારીઆ
તરફથી અભીનંદન....
મુ. રામપુરા,
તા. જાંબુઘોડા,
જી. પંચમહાલ

# મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## ડાયાપુર થી સંતરામપુર સુધીનો વળાંકવાળો રસ્તો અકસ્માત ઝોન બન્યો



સંતરામપુર,
ડાયાપુર થી સંતરામપુર સુધીનો વળાંક વાળો રસ્તો રાહતદારીઓ માટે અકસ્માત નો ઝોન બન્યો સ્ટેટ વિભાગ દ્વારા અને ગુજરાત સરકારે મંજૂર કરેલા છેલ્લા પાંચ વર્ષની અંદર સંતરામપુર થી ખેડાપા સુધીનો બે વાર રસ્તાની કામગીરી હાથ ધરવામાં આવેલી હતી. તેમ છતાં ડાયાપુરથી સંતરામપુર સુધીનો વળાંક વાળો રસ્તો જોખમીકારક અને અકસ્માતનો ઝોન બન્યો છે, અવર નવર આ વળાંકની અંદર નાના મોટા અકસ્માતો સર્જાતા હોય છે. સૌથી વધારે વર્ગ દરમિયાનમાં આ સ્થળ ઉપર વળાંકમાં જ અકસ્માત બનતા હોય છે અને જેના કારણે મોટાભાગના લોકો એ જીવ પણ ગુમાવ્યો છે. આ જગ્યા એટલી જોખમી કારક છે કે, સામ સામે બે વાહનો આવતા હોય તો અકસ્માત થઈ જાય તો ખબર પણ ના પડે જો ભૂલે ચોકે બહારથી આવતા વાળા વ્યક્તિ અને ખ્યાલ ના આવે તો આવી જગ્યા ઉપર અકસ્માત ૧૦૦ ટકા થઈ જતો હોય તેવી પરિસ્થિતિ જોવાઈ રહેલી છે. આવા વળાંક અને જોખમીકારક રસ્તા માંથી વારંવાર આ બાબતમાં કલેકટરની મિટિંગમાં અમે અનેક અનેક સભાઓમાં દરેક જગ્યાએ રજૂઆત કરવા છતાંય પરંતુ આજ દિન સુધી આ વળાંકનો કોઈ ઉકેલ આવેલો જ નથી. અન્ય ઘટનાઓ પર ઘટનાઓ આ વળાંકમાં વધારે બનતી જાય છે, જો આ વળાંકને વહેલી તકે સીધો કરવામાં ના આવે દુર્ઘટનાઓ પણ વધશે અને રાહત દરિયો અને વાહન ચાલકોની જીવ પણ ગુમાવવું પડશે. આ વર્ષો જૂની બળીયાદેવની ઘાટી થી નામથી ઓળખવામાં હજુ સુધી લોકો માટે જોખમી કારક બનેલો છે. વહેલી તકે આવા વળાંકોને સીધા કરવાની કામગીરી કરવામાં આવે તો લોકોનો જીવ ગુમાવતા અને દુર્ઘટના બનતી અટકી શકે છે.

## સંતરામપુર પાલિકા દ્વારા મુકવામાં આવેલ ડસ્ટબીન કચરાથી ઉભરતા દુર્ગંધથી લોકો પરેશાન



સંતરામપુર,
સંતરામપુર નગરમાં અલગ અલગ સ્થળ ઉપર ડસ્ટબીન મૂકવામાં આવેલા ખાલી કરવામાં તંત્રની આળશ. સંતરામપુર નગરપાલિકા દ્વારા અલગ અલગ વિસ્તારોમાં સૂકો અને ભીનો કચરો ગામનો કચરો ઠાલવવા માટે મૂકવામાં આવેલા હતા, પરંતુ તંત્રની આળસના કારણે આ ડસ્બીનો કચરાથી ઉભરાઈ રહેલા છે અને આના કારણે આજુબાજુના બહાર રોડ ઉપર જ કચરો ફેલાતો હોય છે અને આજુબાજુ પશુઓ મોઢું મારીને તેનો બગાડ કરતા હોય છે જ્યારે બીજી બાજુ જ્યારે ડસ્ટબીન માંથી દુર્ગંધ આવતી હોય છે. આના કારણે આજુબાજુ રહીશોને પણ મુશ્કેલી પડતી હોય છે અને રોગચાળાનો હોય છે. નિયમ મુજબ ડસ્ટબીનને ૨૪ કલાકમાં ખાલી કરદી ઉપડતું હોય છે, પરંતુ ૧૫-૧૫ દિવસ સુધી ખાલી કરવાનું ના કારણે મૂક્યા પછી પણ નગર ગણતરીની મુશ્કેલી ઉઠી રહેલા છે. ગુજરાત સરકાર દ્વારા મોટાપાયે ખર્ચો કરવામાં આવતો હોય છે, પરંતુ મેનેજમેન્ટના અભાવે આવી રીતે જોવા મળી આવેલા છે. સત્ય પ્રકાશ સોસાયટી, લુણાવાડા રોડ, કારગીલ પેટ્રોલ પંપની બાજુમાં વિવિધ વિસ્તારોમાં આ જ પરિસ્થિતિ જોવા મળી આવેલી છે.

## સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં રાહતદરે હૃદય રોગ કેમ્પ યોજયો



સંતરામપુર,
સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં રાહત દરે હૃદય રોગ નિદાન કેમ્પ યોજાયો મોટી સંખ્યામાં દર્દીઓ તેનો લાભ લીધો. આજે સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં અંતર અને ગ્રામ્ય વિસ્તારમાં ઘર આંગણે હૃદય રોગની સારવાર મળી રહે તેના હેતુથી હૃદય રોગના નિષ્ણતા ડોક્ટર દિલીપ અગ્રવાલ સહીતમની ટીમોએ આજે કેમ્પ યોજીને દર્દીઓની સારવાર કરી હતી. જેમાં ડીએમ કાર્ડીઓલોજી ડોક્ટર દ્વારા તપાસ અને માર્ગદર્શન અપાયો. એ.સી.જી.તપાસ, ઈકો બલડપ્રેશર, આરબીએસ તમામ રોગોની તપાસ કરીને ન જેવી રકમમાં સારવાર કરેલી હતી અને તપાસ કરી હતી. જયાં આ બધી રોગોની તપાસવી ૨૫૦૦ થાય તેના બદલે માત્ર ૧૫૦ રૂપિયામાં ટોકન પેટે ડોક્ટરે ઘર આંગળી સ્ટેટ હોસ્પિટલમાં લાભાર્થીઓને લાભ આપેલો હતો. મોટી સંખ્યામાં લાભાર્થીઓ તેના લાભ પણ લીધો હતો.

## ગોધરા પોપટપુરાની ૭૩ એએના નિયંત્રણોવાળી વેચાણ દસ્તાવેજ થયેલ જમીનના ફેરફાર નોંધ રદ કરી શરતભંગની કાર્યવાહી કરવામાં ૫ વર્ષ થવા છતાં કાર્યવાહી નહિ

ગોધરા,
ગોધરા તાલુકાના પોપટપુરા ગામે આવેલ સર્વે નં.૭૩/૧પૈકી ૫/પૈકી ૪ (૯૩૦) વાળી ૭૩ એએ વાળી વેચાણ દસ્તાવેજવાળી જમીન નોંધ માટે ગોધરા મામલતદારમાં આવતાં ૮ મે ૨૦૧૯માં નોંધ ના મંજુર કરી શરતભંગની દરખાસ્ત તૈયાર કરી રજુ કરવાની સુચના છતાં સર્કલ ઓફિસર દ્વારા શરતભંગની દરખાસ્ત રજુ કરવામાં પાંચ વર્ષ પુરા થવા છતાં કાર્યવાહી ન થતાં મહેસુલ વિભાગની વધુ પોલ સામે આવી.

ગોધરા તાલુકાના પોપટપુરાગામે સર્વે નં.૭૩/૧ પૈકી ૫/ પૈકી ૪ (૯૩૦) વાળી જમીન વેચાણ દસ્તાવેજ થયેલ હોય અરજદારે જમીનમાં ફેરફાર નોંધ માટે વેચાણ દસ્તાવેજ નકલ, ઈન્ડેકસની નકલ, ૮-અ, ૭/૧૨ અને ૧૩૫ ડી ની નોટીસ સાથે ગોધરા મામલતદારમાં રજુ કરાયેલ હતા. મામલતદાર દ્વારા ફેરફાર નોંધ માટેના કાગળો જોતા આ જમીન ૭૩ એએ વાળી હોય અને સક્ષક અધિકારીની મંજુરી લેવામાં આવ્યા વગર જમીન વેચાણ થતાં ફેરફાર નોંધ ના મંજુર કરી મામલતદાર ગોધરા દ્વારા શરતભંગનો અહેવાલ તૈયાર કરી વેચાણ દસ્તાવેજ રદ કરવા માટે તા.૮/૫/૨૦૧૮માં આદેશ સંર્કલ ઓફિસરને કરવામાં આવ્યો હોય આજે પાંચ વર્ષ પુરા થવા છતાં ૭૩ એએ વાળી જમીનના શરત ભંગના અહેવાલ તૈયાર નહિ થતાં મહેસુલ વિભાગમાં ચાલતી લાલીયાવાડી સામે આવી.

## સંતરામપુર ખાતે શિક્ષણમંત્રીના હસ્તે હોસ્પિટલનું ઉદ્દઘાટન કરાયું



સંતરામપુર,
સંતરામપુર બાયપાસ પાસે રાજ્ય કક્ષાના કેબિનેટ મંત્રી કૃષ્ણ હોસ્પિટલનું ઉદઘાટન કરવામાં આવ્યું. સંતરામપુર બાયપાસ પાસે નવી કરણ કરવામાં આવેલું. કૃષ્ણ હોસ્પિટલ આજરોજ રાજ્ય કક્ષાના કેબિનેટ મંત્રી કુબેરભાઈ ડિંડોરના વરદ્દ૦હસ્તે રીબીન કાપીને હોસ્પિટલનું ઉદઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે કૃષ્ણ હોસ્પિટલના માલિક ડોક્ટર મિહિર મહેતા તેમનું પરિવાર સમાજના અગ્રણીઓ જે.પી.પટેલ, જીલ્લા પ્રમુખ દશરથસિંહ બારીયા, ગ્રામજનો વેપારીઓ મોટી સંખ્યામાં આમંત્રિત મહેમાનો હાજર રહ્યા હતા અને ડોક્ટર મિહિર મહેતા કેબિનેટ મંત્રીને કુબેરભાઈ ડીંડોરની છબી બનાવીને અર્પણ કરી તેમનું સ્વાગત કર્યું હતું.

## શ્રીમતી કુસુમબેન ડામોર એમ.એસ.ડબલ્યુ. કોલેજ સંતરામપુરમાં "પ્રવેશોત્સવ કાર્યક્રમ" ની ઉજવણી



સંતરામપુર,
ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ દાહોદ સંચાલિત અને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન કુસુમબેન ડામોર એમ એસ ડબલ્યુ કોલેજ સંતરામપુર આજ રોજ તારીખ ૨૪/૬/૨૦૨૩ ના રોજ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ કાર્યક્રમ રાખવામાં આવેલો હતો. જેમાં કોલેજના આચાર્ય ડો. અભય પરમાર દ્વારા વિદ્યાર્થીઓને એમ.એસ. ડબલ્યુ. અભ્યાસ અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રો.અર્જુનસિંહ ભાટી દ્વારા એમ એસ ડબલ્યુ માં આવતા વિવિધ વિષયો નું વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું, તેમજ પ્રો. રમેશભાઈ પટેલ દ્વારા ક્ષેત્રકાર્ય તેમજ થીસીસ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ્રો.જાગૃતિબેન વણકર દ્વારા એમ.એસ.ડબલ્યુ. પછી વિદ્યાર્થીઓને ઉપલબ્ધ થતી વિવિધ નોકરીની તકો ની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. નયનાબેન ભાભોર દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રો. અર્પિતાબેન માલ દ્વારા આભાર વિધિ પૂર્ણ કરાયા બાદ કાર્યક્રમને પૂર્ણજાહેર કરાયો હતો.

## શહેરા-કાંકણપુર રોડ ઉપર છકડીયા ચોકડી પાસે મસાણી સિકોતર મંદિર ભાવિકોનું આસ્થાનું કેન્દ્ર



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા થી કાંકણપુર તરફ જવાના માર્ગ ઉપર આવેલ છકડીયા ચોકડી પાસે આવેલ મસાણી સિકોતર માતાજીનું મંદિર આવેલુ છે. આ મંદિર અનેરૂ મહત્વ ધરાવે છે. સ્થાનિક જીલ્લા સહિત રાજ્ય માથી આવતા ભાવિક ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર બન્યુ છે.

શહેરા થી કાંકણપુર તરફ જવાના માર્ગ ઉપર આવેલ છકડીયા ચોકડી પાસે મસાણી સિકોતર માતાજીનું મંદિર આવેલું છે. આ મંદિરમાં બિરાજમાન મસાણી સિકોતર માતાજી અહીં આવતા દરેક ભક્તોનાં દુઃખ દૂર કરતા હોવાની લોકમાન્યતા છે. સ્થાનિક જીલ્લા અને રાજ્ય માંથી તેમજ દૂર દૂર થી માઁ ના દર્શને આવતા ભાવિક ભક્તો માટે આ મંદિર આસ્થાનું કેન્દ્ર બન્યુ છે. મંદિર ખાતે માઈ ભક્તોની અવર જવર રહેવા સાથે મસાણી સિકોતર માતાજીના જયઘોષ થી વાતાવરણ ભક્તિ મય બની જતુ હોય છે. અહીં મસાણી સિકોતર માતાજીની મૂર્તિના દર્શન કરી ભાવિક ભક્તો ધન્યતા પણ અનુભવતા હોય છે. અહી મોટી સંખ્યામાં માતાજીના ભક્તો માઁ ના દર્શન ને આવતા હોય છે. દુઃખ લઈને આવે છે અને હસતા મોંડે દરબાર ભરાતો હોય છે. ત્યાંથી જતા હોય છે અનેક માઈ ભક્તોની સંતાન સહિત અન્ય લીધેલ માનતાઓ પણ પૂરી થતી હોય છે. આ મંદિરમાં બિરાજમાન મસાણી સિકોતર માતાજીના દર્શન કરતા જ અહીં આવતા માઈ ભક્તોને મનને શાંતિ મળતી હોય છે અને આ મંદિર અહીં આવતા માઈ ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર બની ગયું છે.

## ઘોઘંબા તાલુકા પ્રાથમિક શાળા ખાતે દર્દીઓની ફ્રી સારવાર માટે મેડિકલ કેમ્પ યોજાયો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકા ગુજરાતી શાળા ખાતે આઈટીએમ મેડિકલ હોસ્પિટલ અને ડો.હેડગેવાર સેવા સમિતિ દ્વારા મલ્ટી સ્પેશિયાલિટી હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આઈટીએમ ના જનરલ ડો. મીનુ પટેલ, ડો. તરૂણ વર્મા, દાંતના ડોક્ટર રાધિકાબેન,ઓર્થોપેડિક ડો. તરૂણ વર્મા, જનરલ ફિઝિશિયન ડો. હાર્દિક વર્મા, પંચકર્મ નિષ્ણાત ડો.ધારા સુથાર દ્વારા ઘોઘંબા ગામ તથા આસપાસના ગામડાઓના ૨૪૦ જેટલા વિવિધ રોગો ધરાવતા લોકોને વિનામૂલ્યે સારવાર કરવામાં આવી હતી. જરૂરિયાત મુજબ દરેક રોગોનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હાડકાના દર્દીઓ તથા જનરલ મેડિસિન જરૂરિયાત ધરાવતા દર્દીઓની સ્થળ પર તપાસ કરીને સારવાર કરવામાં આવી. જે લોકો ગામડાઓમાં દૂર દૂર સુધી વસતા હોય અને પોતાની શરીરની પીડાઓ બહાર ન લાવી શકતા હોય તેવા દર્દીઓએ પણ આ કેમ્પમાં હાજર રહી અને મફતમાં સારવાર લીધી હતી તથા આરોગ્ય લક્ષી તપાસ કરાવી અને વિવિધ જરૂરી સારવાર માટેનું માર્ગદર્શન મેળવ્યું હતું. દરેક દર્દીઓએ રાહત માટે આનંદ અનુભવ્યો હતો. આ મેડિકલ કેમ્પમાં ઘોઘંબા ગામના આગેવાનો તથા સામાજિક કાર્યકરોએ હાજર રહીને સંપૂર્ણ સહકાર આપ્યો હતો તથા મેડિકલ કેમ્પને સફળ બનાવવા માટે અને દર્દીઓને મફત સારવાર મેળવે તે માટે અથાગ પ્રયત્નો કર્યા હતા.



સંતરામપુર તાલુકાના બટકવાડા ગામે રાજ્ય કક્ષાના કેબિનેટ મંત્રી સામાજીક પ્રસંગમાં હાજરી આપી. સંતરામપુર તાલુકાના ગામે રાજ્ય કક્ષાના કેબિનેટ મંત્રી શનિ-રવી રજાના દિવસોમાં સમાજમાં મરણ પ્રસંગે સમય સાથે સંકળાયેલા તમામ લોકોને સામાજીક પ્રસંગમાં હાજરી આપી હતી.

## દાહોદ બીજેપી દ્વારા વિશેષ જનસંપર્ક અભિયાન અંતગર્ત અલ્પકાલીન વિસ્તરક યોજનાના ભાગ રૂપે સાંસદ જસવંતસિંહ ભાભોર એ ઘર ઘર સંપર્ક શરૂ કર્યો



દાહોદ,
૩૦ મે,૨૦૨૩ના રોજ દેશના યશસ્વી વડાપ્રધાને નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રમાં ભાજપ સરકાર અને ૯ વર્ષ પુર્ણ કર્યા તે પ્રસંગે ૩૦ મે થી ૩૦ જુન ૨૦૨૩ સુધી ભાજપ સંગઠન દ્વારા વિવિધ કાર્યક્રમ તમામ જીલ્લા, મંડળ, શક્તિકેન્દ્ર અને બુથ ઉપર આયોજીત કરવામાં આવી રહ્યા છે તથા વિશેષ જનસંપર્ક અભિયાન લોકસભા ક્ષેત્રોમાં યોજવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે આજે ૧૩૧ લીમખેડાના વિધાનસભાના ચિલકોટા ગામે રાજુભાઈ બામણીયાના ઘરે અલ્પકાલીન વિસ્તારક યોજનાના ભાગરૂપે આજે ચિલાકોટા બુથ નંબર ત્રણના ૧૪ કાર્યકર્તાઓ સાથે બેઠક યોજી હતી. જન સંપર્ક અભિયાન અંતર્ગત જેમાં મેરા બુથ સબસે મજબૂત કાર્યક્રમ અંતર્ગતની યોજના માટે તૈયાર કરવામાં આવી હતી અને આવનારા સમય ને ધ્યાને લઈ બધા પાસાઓની સમીક્ષા કરવામાં આવી હતી. ત્યાર પછી સાંસદ જસવંતસિંહ ભાભોર દ્વારા ચિલાકોટા ગામના ગોરાડી ફળિયાથી ઘર ઘર સંપર્કઅભિયાન અંતર્ગત લોક સંપર્કની શરૂઆત કરી હતી. જેમાં જરૂરી સાહિત્ય, પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું અને સાંસદે પોતે દરેક ઘરે સ્ટીકરો ચોટડ્યા હતા. આ ઘર ઘર સંપર્ક દરમિયાન આખા દિવસમાં ગામના આગેવાનો, સહકારી આગેવાનો, પૂર્વ સરપંચ અને સરપંચને મળ્યા હતું. આ કાર્યક્રમમાં સાંસદે ઘરે ઘરે જઈ લોકો સાથે સંવાદ યોજ્યો હતો અને મોદી સરકાર દ્વારા ૯ વર્ષમાં લોક વિકાસના કામોની ગાથા સમજાવી હતી અને સાથે સાથે દરેક ઘરે લોકોને સરકારની ફ્રિ રાશન, આયુષ્માન કાર્ડ, કિશાન સન્માન નિધિ આ તમામ યોજનાઓનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચે છે કે કેમ તેની પ્રૂછા કરી હતી અને લોકોની સમસ્યાઓ પણ જાણી અને દરેક ઘરે વ્યક્તિઓને શાંતિ થી સાંભળ્યા હતા અને સ્થળ ઉપરથી એનું સમાધાન થાય નિકાલ થાય તે માટે કાર્યવાહી પણ તાત્કાલિક કરી હતી. આ પ્રસંગે જીલ્લા સભ્ય ટી.કે. બારિયા, પપ્પુભાઈ જૈન અને તાલુકાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કરમસદ ખાતે ગુજરાત બ્રહ્મ સમાજની કારોબારીની બેઠક યોજાઈ



ગોધરા,
જેમાં પ્રદેશના અદયક્ષ ભારતભાઈ રાવલ, મુખ્ય સંગઠક અશ્વિનભાઈ ત્રિવેદી, ડામરાજી તથા પ્રદેશ ઉપાદયક્ષ અને મદય ગુજરાત પ્રભારી અશિતભાઈ ભટ્ટ સાથે સમગ્ર ગુજરાતના જીલ્લાના વિવિધ પદાધિકારી ો ઉપસ્થિત રહ્યાં હતા.

જેમાં અનેક મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદેશ ઉપાદયક્ષ આશિતભાઈ ભટ્ટ એ હિંદુ સમાજ અને બ્રહ્મ સમાજની વિવિધ અને અવિરત સેવા જેવીકે વિશ્વ હિંદુ પરિષદના જીલ્લા ઉપાદયક્ષ, જીલ્લા મહામંત્રી, હિંદુ રક્ષા મંચના પ્રદેશ અદયક્ષ, શેરી ગરબા સંવર્ધન સમિતિના અદયક્ષ તરીકે, એક ગોધરા શ્રેષ્ઠ ગૌ ધરાના અદયક્ષ તરીકે તેમજ ભાજપની વિવિધ જવાબદારી સફળતા પૂર્વક નિભાવી તે બદલ તેમનું વિશિષ્ટ રીતે પરશુ, ટ્રોફી અને પ્રશસ્તિ પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આમ પંચમગળ જીલ્લાને વિશિષ્ઠ ગૌરવ રાજ્ય કક્ષાનું પ્રાપ્ત થયું હતું.

આશિતભાઈને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે, આ મારૂં નહિ સમગ્ર પંચમહાલ જીલ્લાનું ગૌરવ છે, સન્માન છે. આ આશિત ભટ્ટ નું નહિ તેમણે કરેલ કર્યોને સન્માનવામાં આવ્યું છે. સમાજ માટે હું સતત કામ કરતો રહીશ તેમ જણાવ્યું હતું.

## ગોધરા તાલુકાના ગોઠડા ગામે સ્ટેટ મોનિટરીંગ રેઈડ કરી ૧.૩૯ લાખના ઈંગ્લીશ દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો : ૫ ઈસમો વોન્ટેડ

ગોધરા,
ગોધરા તાલુકાના ગોઠડા ગયામે બાતમીના આધારે સ્ટે મોનિટરીંગ સેલ દ્વારા રેઈડ કરાઈ હતી. રેઈડ દરમિયાન ઈંગ્લીશ દારૂ બીયર મળી ૧,૩૯,૧૩૮/-રૂ.નો જથ્થો તેમજ રોકડા, કાર, મોબાઈલ ફોન મળી ૪,૩૨,૨૧૮/-રૂ.ના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ગોઠડા ગામે વાઘેશ્વરી ફળીયામાં રહેતા અરવિંદ ઉર્ફે ટીનો રતનસિંહ સોલંકી ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા રેઈડ કરવામાં આવી હતી. રેઈડ દરમિયાન ઈંગ્લીશ દારૂ નાની મોટી બોટલો તેમજ બીયર ટીન મળી કુલ ૯૭૬ નંગ કિંમત ૧,૩૯,૧૩૮/-રૂપીયા સાથે અરવિંદ ઉર્ફે ટીનાને ઝડપી પાડવામાં આવ્યો હતો. ઝડપાયેલ ઈસમ પાસેથી રોકડા ૭,૨૮૦/, મોબાઈલ ફોન, આઈ-૧૦ ફોર વ્હીલ, ટુ વ્હીલર વાહન-૨, ફ્રીજ, ખુરશીઓ મળી કુલ ૪,૩૨,૨૧૮/-રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ બાબતે કાંકણપુર પોલસી મથકે પ્રોહિબીશન એકટ મુજબ દારૂનો ધંધો ચલાવનાર વોન્ટેડ કલ્પેશ ઉર્ફે લાલો કિરણભાઈ ઠાકોર (ગોઠડા) દારૂ પુરો પાડનાર રૂપેશ (રહે. લીમડી) તેમજ દારૂ લેવા આવનાર મળી પાંચ ઈસમોને વોન્ટેડ જાહેર કરી ફરિયાદ નોંધાવામાં આવી.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : આજનો દિવસ કામકાજમાં પ્રસન્નતા જળવાઈ રહેશે. સ્નેહીજનોના સંપર્કથી સારી હૂંફ મળશે. વ્યવસાયના કામમાં વૃદ્ધિ થશે. પરિવારના સુખમાં વધારો થશે.

વૃષભ (બ.વ.ઉ.) : આજનો દિવસ સહકારી સરકારી કામમાં સફળતા મળશે. નવા કરેલા કાર્યો ફળદાયી બનશે. નોકરી બાબતે સારા સમાચાર મળશે. ધંધામાં લાભ મેળવી શકશો.

મિથુન (ક.છ.ઘ.) : આજનો દિવસ કામમાં નિરાશાનો અનુભવ થશે. સંતાનના પ્રશ્નોમાં ચિંતા જણાશે. ઈષ્ટમિત્રોનો સહયોગ મળશે. ધર્મ પ્રત્યેની શ્રદ્ધામાં વધારો થશે.

કર્ક (ડ.હ.) : આજનો દિવસ જીદ્દી સ્વભાવના કારણે માનસિક ચિંતા જણાશે. આર્થિક બાબતોમાં સારો સુધારો જણાશે. સેવાકિય પ્રવૃત્તિથી મન પ્રસન્ન જણાશે. વ્યવસાયમાં પ્રગતિ અને લાભ જણાશે.

સિંહ (મ.ટ.) : આજનો દિવસ દામ્પત્ય જીવનમાં અણબનાવોથી તકલીફ જણાશે. સંતાનોને માટે નવુ કરવાની ઉત્તમ તક મળશે. શુભ કાર્યોમાં સફળતા મળશે. નોકરીમાં બઢતીની તકો મળશે.

કન્યા (પ.ઠ.ણ.) : આજનો દિવસ ધંધાકીય કામકાજમાં સફળતા મળશે. પ્રતિસ્પર્ધી પક્ષથી વિજય મેળવશો. આત્મવિશ્વાસમાં વધારો થશે. ઘરમાં આનંદનું વાતાવરણ જળવાશે.

તુલા (ર.ત.) : આજનો દિવસ ભાગીદારો સાથે વૈચારિક મતભેદ જણાશે. ધંધામાં નવા સંબંધોમાં નિરાશા જણાશે. નોકરીમાં નવી તકો મળશે. સંતાનપક્ષે શુભ સમાચાર મળશે.

વૃશ્ચિક (ન.ય.) : આજનો દિવસ પરિશ્રમ પછી પણ કામ અધૂરું જણાશે. જૂના સંબંધો ખાસ સાચવી લેવા જરૂરી છે. નોકરીમાં સહયોગીઓનો સહકાર મળશે. વ્યવસાયમાં સાધારણ ધનલાભ થશે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : આજનો દિવસ ભાગ્યબળથી અધૂરાં કામ પૂરાં થશે. રાજનૈતિક ક્ષેત્રમાં પ્રગતિ જણાશે. જવાબદારીવાળા કાર્યોમાં ગતિ આવશે. મન પ્રસન્ન અને દિવસ આનંદમાં પસાર થશે.

મકર (ખ.જ.) : આજનો દિવસ વાદ-વિવાદવાળા કામથી બચવું. આર્થિક સ્થિતિમાં મધ્યમ સુધારો જણાય છે. ધંધામાં પ્રગતિ અને ધનલાભ થશે. પરિવારમાં સામાન્ય અશાંતિ જણાશે.

કુંભ (ગ.શ.ષ.સ.) : આજનો દિવસ ભાઈભાંડુના સહકારથી કામમાં સફળતા મળશે. નવા કામની ઓફર અને પૈસા કમાવવાની તક મળશે. સંતાનો સાથે સમય વિતાવી શકશો. પાડોશી સાથેના સંબંધોમાં શાંતિ રાખવી.

મીન (દ.ચ.ઝ.થ.) : આજનો દિવસ માનસિક તનાવ રહેવાની સંભાવના છે. કામમાં સાધારણ સફળતા મળશે. પ્રતિસ્પર્ધીઓથી સાવધાન રહેવું. નિરાશાથી દૂર રહી ખર્ચ બાબતે સંભાળવું.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ નગરજનો પીવાના પાણી સુવિધા પુરી પાડવા પાલિકા તંત્ર નિષ્ફળ

દાહોદ,

દાહોદ શહેરમાં હાલ પીવાના પાણીની ભારે સમસ્યાનો સામનો શહેરીજનોને કરવો પડી રહ્યો છે. દાહોદ નગરપાલિકા દ્વારા આમ તો પાણીનો વેરો નગરજનો પાસેથી રાબેતા મુજબ ઉઘરાવતી રહે છે, પરંતુ તેની સામે નગરજનોને પીવાના પાણીની સુવિધા આપવામાં દાહોદ નગરપાલિકા તદ્દન નિષ્ફળ નિવડી રહ્યું છે. જેને પગલે દાહોદ નગરવાસીઓમાં ભારે રોષ પણ ફેલાવા પામ્યો છે.

આકરા ઉનાળામાં દાહોદ નગરવાસીઓને પાણીના ટેન્કરો મંગાવી પાણીની પુરતી કરવી પડી હતી. ભરઉનાળામાં દાહોદ નગરવાસીઓ પાણી માટે વલખા મારતાં પણ જોવા મળ્યાં છે. દાહોદના દરેક વોર્ડમાં અનિયમીત પાણી અને એ પણ માત્ર ગણતરીની મીનીટોમાં પાણીનો પુરવઠો બંધ કરી દેવાતાં પણ શહેરીજનોમાં ભારે રોષ ફેલાવા પામ્યો છે. દાહોદ નગરનો એવો કોઈ વોર્ડ નહીં હોય જ્યાં રાબેતા મુજબ પીવાનું પાણી મળતું હોય. ઘણા વિસ્તારોમાં તો અઠવાડીયા સુધી પાણી આવતું ન હોવાની બુમો પણ ઉઠવા પામી છે. જેના પગલે આવા વિસ્તારોમાં લોકોને પાણીના ટેન્કરો સ્વખર્ચે મંગાવવાની ફરજ પણ પડી રહી છે. નળ સે જળ યોજનાની મોટી મોટી ગુલબાંગો વચ્ચે સરકારની આ યોજના દાહોદ શહેરમાં માત્રને માત્ર કાગળ પર હોવાનું પ્રતિત થઈ રહ્યું છે. દરેક વોર્ડના વિસ્તારોમાં પાલિકા તંત્ર દ્વારા માત્ર શોભાના ગાંઠીયા સમાન પાણીના મીટરો તેમજ નળો નાંખી દેવામાં તો આવ્યાં છે, પરંતુ નળમાંથી પાણીની જગ્યાએ માત્ર હવા આવી આવી રહી છે. દાહોદ નગરપાલિકાના સત્તાધિશો શહેરીજનોને પ્રાથમીક સુવિધાઓ આપવામાં અસમર્થ નીવડી રહ્યું છે અને તેમાંય ખાસ પીવાનું પાણી આપવામાં દાહોદ નગરપાલિકા સદ્દન નિષ્ફળ નીવડ્યું છે. દાહોદ નગરપાલિકા કાઉન્સીલરો દ્વારા પોત પોતાના વિસ્તારના લોકોને સોશિયલ મીડીયા મારફતે મેસેજો પણ વહેતા કરે છે અને તેમાં જણાવે છે કે, આજે પાણી નહીં આવે, ત્યારે આવા મેસેજોને પગલે પણ લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. એક અથવા બે દિવસ છોડીને પાણી પુરવઠો આપવાની વાતો પણ પોકળ સાબીત થઈ રહી છે. એક, બે દિવસ છોડો અઠવાડીયા સુધી શહેરીજનોને પાણી મળતું નથી અને ઘણા વિસ્તારોમાં તો પંદર પંદર દિવસો સુધી પાણી મળતું ન હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. તેની સાથે સાથે અગર જો પાણી પુરવઠો ચાલુ કરવામાં આવે તો માત્ર ગણતરીની મીનીટોમાં પાણી પુરવઠો બંધ કરી દેવામાં આવે છે અને તેમાંય ઘણા વિસ્તારોમાં પાણીનો ફોર્સ ન આવતો હોવાની ફરિયાદો પણ શહેરીજનો કરી રહ્યાં છે. પાલિકા તંત્ર દ્વારા રાબેતા મુજબ પાણીનો વેરો તો વસુલ કરે છે, પરંતુ તેની સામે પાણીની સુવિધા આપવામાં દાહોદ નગરપાલિકા તદ્દન નિષ્ફળ નીવડી રહ્યું છે. સરકારી કાર્યક્રમો અને ચુંટણી સમયે મોટી મોટી ગુલબાંગો પોકારતાં સરકારી બાબુઓ જાણે દાહોદ શહેરીજનોને સુવિધા આપવાને બદલે ક્યાંક ગાયબ થઈ ગયાં હોવાનું પણ પ્રતિત થઈ રહ્યું છે. રાજકીય પક્ષો દ્વારા સરકારી તાયફાઓ કરવાને બદલે લોકોને હિતને ધ્યાનમાં રાખી પ્રજાના હિતમાં કામ કરે તે અત્યંત આવશ્યક છે. બીજી તરફ દાહોદ શહેરને પુરૂ પાડતી કડાણા અને પાટાડુંગરી ડેમના નીરના પાણી દાહોદ શહેરીજનોને મળતાં ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. કડાણા અને પાટાડુંગરી ડેમમાં દર વખતે કોઈને કોઈ ખામીને પગલે ભંગાણ સર્જાતા આવે છે અને તેનો ખામીયાજો દાહોદ શહેરીજનોને વેઠવો પડે છે. આ ડેમોમાં પાણીની પાઈપ લાઈનોમાં ભંગાણ સર્જાવાની વાતો કંઈ નવી નથી. કોઈને કોઈ દિવસે આ ડેમોના પાણીની પાઈપ લાઈનોમાં ભંગાણ સર્જાતા શહેરીજનો પાણીથી વંચિત રહેતા આવ્યાં છે. ત્યારે આ મામલે સંબંધિતોને પુછવામાં આવતાં સંબંધિત અધિકારીઓથી લઈ દાહોદ નગરપાલિકાના સત્તાધિશો પાસે આ મામલે કોઈ નક્કર અને વિશ્વાસપાત્ર જવાબ મળતો નથી. દાહોદ શહેર સ્માર્ટ સીટી બનવા જઈ રહ્યું છે ત્યારે આ પાણીનો પ્રશ્ન આગામી દિવસોમાં પણ યથાવત રહેશે કે પછી સ્માર્ટ સીટી બન્યા બાદ પણ શહેરીજનોને પાણી માટે વલખા મારવા પડશે ? તે તો આવનાર સમયજ કહેશે પરંતુ હાલ દાહોદ નગરવાસીઓ પાણી માટે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે, તે દિશામાં સંબંધિત તંત્રો ધ્યાન આપે તે અત્યંત જરૂરી છે.

## દાહોદ સહિત જીલ્લામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી સાથે પ્રિમોન્સુનની પોલ ખુલી

દાહોદ,

દાહોદ શહેર સહિત જીલ્લામાં વર્ષાઋતુના આગમન સાથે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીના પગલે જીલ્લામાં સર્વત્ર વરસાદી પાણી છવાઈ ગયાં હતાં. ગતરોજ મોડીરાત્રીના એકાદ વાગ્યાના આસપાસથી જીલ્લામાં ધોધમાર વરસાદ પડ્યો હતો. ત્યારે બીજી તરફ પ્રથમ વરસાદમાંજ જીલ્લાના ઘણા શહેરો તેમજ ગામોમાં તંત્રની પ્રિમોનસુનની કામગીરી તેમજ કાચા, પાકા રસ્તાઓ અને બનાવવામાં આવેલ નાળાઓની પોલ ખુલી જવા પામી હતી. ઘણી જગ્યાએ નાળાઓ ધોવાઈ ગયાં તો ઘણી જગ્યાએ રસ્તાઓ પર વાહનો ફસાઈ જવાના બનાવો પણ બનવા પામ્યા હતા. બીજી તરફ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીના પગલે દાહોદ જીલ્લાના ખેડુત મિત્રો ખેતીકામમાં જોતરાઈ ગયાં હતાં.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ગતરોજ મોડીરાત્રીના સમયે મેઘરાજાની દાહોદ જીલ્લામાં ધમાકેદાર એન્ટ્રીના પગલે જીલ્લાના તમામ શહેરો અને ગામોમાં વરસાદી પાણી જોવા મળ્યાં હતાં. દાહોદ જીલ્લાના દાહોદ, ઝાલોદ, ફતેપુરા, સંજેલી, દેવગઢ બારીઆ, ધાનપુર, લીમખેડા, સીંગવડ જેવા તાલુકાઓમાં વરસાદ જોવા મળ્યો હતો, તો બીજી તરફ પ્રથમ વરસાદમાંજ પ્રિમોનસુનની જીલ્લામાં કામગીરીની પોલ ખુલી જવાથી લોકોમાં ભારે આક્રોશ પણ જોવા મળ્યો હતો. ત્યારે ગરબાડા તાલુકામાં ગતરોજ મધ્યરાત્રીથી શરૂ થયેલ વરસાદને પગલે નદી, નાળા, કોતરમાં નવા નીરની આવક થઈ છે, તો બીજી તરફ પહેલાજ વરસાદમાં ગરબાડાના વહીવટી તંત્રની પોલ ખુલી જવા પામી હતી. જેમાં ભ્રષ્ટ્રાચાર પણ ઉજાગર થયો હોય તેવું સામે આવી રહ્યું છે. ગરબાડાના વડવા, ખજુરીયા અને ભીલવા અને નેલસુરને જોડતો એકમાત્ર રસ્તો છે, જ્યાં કાતરીયા કોતર તરફ ઉનાળા દરમ્યાન માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ નાળુ બનાવવામાં આવ્યું હતું. જે નાળુ આ ચોસામાના પ્રથમ વરસાદમાંજ નાળુ ધોળાઈ જતાં આ નાળામાં કેવા પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી હશે તે વિચાર માંગી લેતો પ્રશ્ન છે. આ નાળુ બનાવવામાં આવ્યું હતું. ત્યારથીજ વિવાદમાં સપડાઈ ગયું હતું. આ નાળાની કામગીરીમાં ગેરરીતી આચરાઈ હોવાની તાલુકા પંચાયતના સભ્ય દ્વારા એક સ્વાગત કાર્યક્રમમાં કરવામાં આવી હતી. જે અરજીને ધ્યાનમાં લઈ કેવા પ્રકારની કામગીરી કરવામાં આવી હશે તે કહેવુ હાલ શક્ય નથી, પરંતુ ગઈકાલથી શરૂ થયેલા ચોમાસાના પ્રથમ વરસાદમાંજ આ નાળુ ધોળાઈ જતાં વાહન વ્યવહાર ખોરવાયો હતો. તો બીજી તરફ શાળાએ જતાં બાળકો અને ઈમરજન્સી સેવાઓ પર પણ અસર જોવા મળી હતી તો બીજી તરફ ગરબાડાના જાબુંઆ ગામે વરસાદની વચ્ચે બે એસ.ટી. બસો ફસાઈ જવા પામી હતી. જાણવા મળ્યાં અનુસાર, નળ સે જળ યોજનાના ખોદકામ દરમ્યાન આ વિસ્તારમાં પાણીની પાઈપ લાઈન નાંખવામાં આવી હતી. તેની જગ્યા ઉપર માટી પાથરી દેવામાં આવી હતી. આ જગ્યા ઉપર બે દિવસ પહેલાજ એજન્સી દ્વારા પાણીની પાઈપ લાઈન નાંખવામાં આવી હતી. તે અંતર્ગત રસ્તાનું ખોદકામ કરવામાં આવ્યું હતું. જોકે, પાઈપ લાઈન નાંખ્યા બાદ એજન્સી દ્વારા યોગ્ય મટીરીયલ્સ વાપરવામાં ન આવતાં રોડ પર પ્રથમ વરસાદમાંજ કાદવ, કીચડનું સામ્રાજ્ય સર્જાઈ જવા પામ્યું હતું. ત્યારે ગતરોજ મોડી રાત્રીના સમયે વરસેલ વરસાદને પગલે વધુ કાદવ, કીચડ સર્જાતાં અહીંથી પસાર થતી તેમજ ગુલબાર તરફ આવતી જતી બે બસો સામસામે ફસાઈ જવા પામી હતી. આ બંન્ને એસ.ટી. બસો ફસાઈ જવાને કારણે બંન્ને તરફનો વાહન વ્યવહાર ખોરવાયો હતો. તો બીજી તરફ બસોને બહાર કાઢવા માટે જેસીબીની મદદ લેવામાં આવી હતી. તો બીજી તરફ દાહોદ ગરબાડા જતાં સર્વિસ સ્ટેશન રોડ પર આજરોજ વરસતા વરસાદમાં આ માર્ગ ઉપરથી પસાર થતી એક પીકઅપ ફોર વ્હીલર ગાડીના પૈડા રસ્તાની વચ્ચે આવેલ ભુગર્ભ ગટરમાં ફસાઈ જવા પામી હતી. ભુગર્ભ ગટરની કામગીરી પર પણ અનેક સવાલો ઉઠવા પામ્યાં હતાં. તો બીજી તરફ વિસ્તારમાંથી લોડીંગ વાહનો પસાર થઈ રહ્યાં છે. જેને પગલે ભુગર્ભ ગટરની લાઈનોમાં વાહન ફસાઈ જતાં તંત્રની કામગીરી પર પણ અનેક સવાલો ઉઠવા પામ્યાં હતાં.

## દાહોદ માંથી પસાર થતાં ઈન્દોર હાઈવે ફોર વ્હીલે મોપેડને સવાર દંપતિ અડફેટમાં બન્નેના મોત

દાહોદ,

દાહોદ શહેરમાંથી પસાર થતાં ઈન્દોર અમદાવાદ હાઈવે ઉપર એક ફોરવીલર ગાડીના ચાલકે એક મોપેડ પર સવાર દંપતીને અડફેટમાં લેતા જોશભેર ટક્કર મારી નાસી જતા દંપતિને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મોત નીપજ્યાનું જાણવા મળે છે.



દાહોદ શહેરના સોની વાડ ખાતે રહેતા છોટુભાઈ અગ્રવાલ અને તેમની પત્ની શાંતાબેન બંને જણા દર રવિવારે અમદાવાદ–ઈન્દોર હાઈવે ઉપર આવેલ લખેશ્વરી માતાના મંદિરે દર્શન માટે જતા હતા. ત્યારે આજરોજ રવિવારના દિવસે પણ રાબેતા મુજબ લખેશ્વરી માતાના મંદિરે મોપેડ ટુ વ્હીલર ગાડી પર સવાર થઈ દર્શન માટે ગયા હતા અને મંદિરે દર્શન કરી પરત પોતાના ઘરે આવી રહ્યા હતા. તે સમયે ઈન્દોર અમદાવાદ હાઈવે જુની ચેકપોસ્ટ પરથી મધ્યપ્રદેશ થી દાહોદ આવી રહેલ એક ફોરવીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોરવીલર ગાડી પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવવી રહ્યો હતો. ત્યારે ઉપરોક્ત દંપતીની મોપેડ ટુ–વ્હીલર ગાડીને અડફેટમાં લેતા ઉપરોક્ત દંપતિ ટુ–વ્હીલર ગાડી પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતા. જેના પગલે તેઓને માથાના ભાગે, હાથે પગે તેમજ શરીરના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેઓનું ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યા હતા. ઘટનાની જાણ મૃતક દંપતીના પરિવારજનોને થતા તેઓ પણ તાબડતોડ ઘટના સ્થળે દોડી ગયા હતા અને ઘટના સ્થળ પર પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. ઘટનાની પોલીસને કરવામાં આવતા સ્થાનિક પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે ઉપરોક્ત મૃતક દંપતીના મૃતદેહનો કબજો લઈ નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યા હતા. ત્યારે જાણવા મળ્યા અનુસાર અકસ્માત સર્જનાર ફોરવીલર ગાડીનો ચાલક ઘટના સ્થળ પર જ પોતાના કબજાની ફોરવીલર ગાડી મૂકી નાસી ગયો હતો. માર્ગ અકસ્માતને પગલે પોલીસને એક તરફનો હાઈવે રસ્તો થોડા સમય માટે બંધ કરી દેવાની ફરજ પડી હતી. સમગ્ર મામલે પોલીસ દ્વારા ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

## લીમખેડા વડેલાની પરણિત યુવતિને લગ્નની લાલચ આપી મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરતાં ફરિયાદ

દાહોદ,

સાબરકાંઠા જીલ્લાના સગાપુર ગામના ખાનગી નોકરી કરતા સીવીલ એન્જીનીયરે લીમખેડાના વડેલા ગામની ૨૦ વર્ષીય પરણિત યુવતીને લગ્નની લાલચ આપી તેની સાથે અવાર નવાર તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરી તેના એક સાગરીતની મદદથી પત્ની તરીકે રાખવા માટે ધાકધમકી આપી તેનું અપહરણ કરી અમદાવાદ લઈ જઈ તેણીની સાથે અવાર નવાર જબરજસ્તીથી દુષ્કર્મ આચર્યાનું જાણવા મળ્યું છે. સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના સગાપુર ગામના રહેવાસી સંજયભાઈ ગાંડાભાઈ ચમાર(પટેલ)એ તા.૧–૧–૨૦૨૩ થી તા.૨૧–૬–૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન લીમખેડાના વડેલા ગામના તળાવ ફળિયામાં રહેતી ૨૦ વર્ષીય યુવતીને લગ્નની લાલચ આપી તેની સાથે અવાર નવાર તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યું હતું અને ત્યારબાદ સંજયભાઈ ચમારે તેના સંજય નામના મિત્રની મદદથી તે યુવતીનું પત્ની તરીકે રાખવા માટે ધાકધમકીઓ આપી અપહરણ કરી અમદાવાદ લઈ ગયો હતો અને અમદાવાદમાં તેણીની સાથે અવાર નવાર જબરજસ્તીથી દુષ્કર્મ આચર્યું હતું. આ સંબંધે નોંધાવેલ ફરિયાદને આધારે લીમખેડા પોલીસે સાંબરકાઠા જીલ્લાના સગાપુર ગામના સંજયભાઈ ગાંડાભાઈ ચમાર(પટેલ) તથા તેના મિત્ર સંજય વિરૂધ્ધ ઈપિકો કલમ ૩૬૬, ૩૭૬(૨), એન. ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી તે બંનેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

## દે.બારીયાઆના લવારીયા ગામે દારૂના અડ્ડા ઉપર રેડ કરી ૯૩ હજાર ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆના લવારીયા ગામે વજીર ફળિયામાં રહેતા બુટલેગરના રહેણાંક મકાનમાં ધમધમતા વિદેશી દારૂના અડ્ડા પર સાંજના સુમારે સાગટાળા પોલીસે ઓચિંતી પ્રોહી રેડ પાડી રૂપિયા ૯૩ હજાર ઉપરાંતની કિંમતના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી કબજે લીધાનું જાણવા મળ્યું છે. લવારીયા ગામના વજીર ફળિયામાં રહેતા બુટલેગર જસવંતસિંહ રમણભાઈ બારીયાના રહેણાંક મકાનમાં ધમધમતા વિદેશી દારૂના અડ્ડા પર વિપુલ પ્રમાણમાં વિદેશી દારૂ–બીયરનો જથ્થો હોવાની બાતમી મળતા સાગટાળા પોલીસે ગતરોજ સાંજના સાડા પાંચ વાગ્યાના સુમારે લવારીયા ગામે વજીર ફવિયામાં રહેતા બુટલેગર જસવંતસિંહ રમમભાઈ બારીયાના રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડી મકાન માંથી રૂ. ૮૬૪૦ની કુલ કિંમતની બીયર ટીનની પેટી નંગ–૩ રૂ. ૫૯,૭૫૨ની કુલ કિંમતની રોયલ સ્ટેશ્યલ ફાન વ્હીસ્કીના ક્વાટરની પેટીઓ નંગ–૧૨ તથા રૂપિયા ૨૬,૫૮૦ની કુલ કિંમતની રોયલ સીલેક્ટ ડીલક્સ વ્હીસ્કીના પ્લાસ્ટીકના હોલની પેટીઓ નંગ–૫ મળી કુલ રૂ. ૯૩,૯૭૨ની કુલ કિંમતની વિદેશી દારૂ–બીયરની કુલ પેટીઓ નંગ–૨૦ ઝડપી પાડી કબજે લીધી હતી. જ્યારે બુટલેગર જસવંતસિંહ બારીયા પોલીસની રેડ સમયે ઘરે હાજર ન હોવાના કારણે પોલીસ તેને પકડી શખી ન હતી. આ સંબંધે સાગટાળા બપોલીસે બુટલેગર જસવંતસિંહ રમણભાઈ બારીયા વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



૯ વર્ષ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના અંતર્ગત પ્રખર રાષ્ટ્રવાદી, ભારતીય જનસંઘના સંસ્થાપક ડો.શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ નિમિતે દાહોદ શહેર યુવા મોરચા દ્વારા ઝાયડસ બ્લડ બેંક પર પ્રભારી દિવ્યાપાલભાઈ સોલંકી, જીલ્લા મહામંત્રી અલયભાઈ દરજી, પ્રમુખ હાર્દિકભાઈ બારિયા, મહામંત્રી દર્શિષભાઈ દિવાકર તથા સૌ હોદ્દેદારો તથા સૌ કાર્યકર્તાઓ ઝાયડસ બ્લડ બેંક ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.


દાહોદ વિધાનસભામાં યુવા મોરચા દ્વારા બાઈક રેલી યોજાઈ. તેમાં વિશેષ ઉપસ્થિતિ ભાજપ જીલ્લા અધ્યક્ષ શંકરભાઈ અમલિયા ર, યુવા મોરચા પ્રદેશ મહામંત્રી ઈશાંતભાઈ સોની, દાહોદ ૧૩૨ વિધાનસભા ધારાસભ્ય કનૈયાભાઈ કિશોરી, યુવા મોરચા જીલ્લા અધ્યક્ષ મોહિતભાઈ ડામોર તથા પ્રભારી દિવ્યપાલભાઈ સોલંકી તથા શહેર પ્રમુખ મહામંત્રી થી લઈ સૌ યુવા મોરચાના મોટી સંખ્યામા સૌ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ફતેપુરાના ભીચોર ગામે પાણીની લાઈનમાં ભંગાણ સર્જાયું

દાહોદ,

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકામાંથી પસાર થતી પાણીની પાઈપલાઈનોમાં અવારનવાર ભંગાણો સર્જાય છે. હાલમાં જ ફતેપુરા તાલુકાના કરોડીયા પૂર્વ ગામે પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું હતું તેની શાહી હજી સુકાય નથી. ત્યાં તો ફતેપુરા તાલુકાના ભીચોર ગામે હનુમાન મંદિર ફળિયામાંથી પસાર થતી પાણીની પાઈપલાઈનમાં છેલ્લા બે દિવસથી ભંગાણ સર્જાયું હોવાનું જાણવા મળ્યું છે.

ફતેપુરા તાલુકાના ભીચોર ગામે હનુમાન મંદિર ફળિયામાંથી પસાર થતી પાઈપલાઈનમાં સર્જાયેલા ભંગાણના કારણે અહીં છેલ્લા બે દિવસથી હજારો લિટર પાણી વેડફાઈ રહ્યું છે અને આજુબાજુના ખેતરોમાં પાણી ફરી વળ્યા છે. આ બાબતની જાણ ગામના જાગૃત નાગરિકોને થતા ગામના જાગૃત નાગરિકો સુભાષ પારગી, ચેતન પારગી, રાજુ બારીયા અને કૌશિક કલાલે સંબંધીત અધિકારીઓને આ બાબતની જાણ કરી છે, પરંતુ અત્યાર સુધી ભીચોર ગામે હનુમાન મંદિર ફળિયા માંથી પસાર થતી આ પાણીની પાઈપલાઈનનું ભંગાણ રીપેર કરીને પાણીનો વેડફાટ થતો અટકાવવામાં આવ્યો નથી. ત્યારે લાગતા વળગતા તંત્ર દ્વારા આ બાબતની ગંભીર નોંધ લઈને આ પાણીની પાઈપ લાઈનને તાત્કાલિકે રીપેર કરવામાં આવે અને હજારો લિટર વેડફાતા પાણીનો વ્યય થતો અટકાવવામાં આવે તે ખૂબ જ જરૂરી છે.

# ભૂગર્ભ ગટર યોજના ફેલ નવી ખુલ્લી ગટર જવાબદાર અધિકારી દ્વારા બનાવવાની માંગ પોલીસ સ્ટેશન રોડ ઉપર ગંદા પાણીની નદી વહેવા લાગી ફતેપુરા બન્યું નોધારૂ

- ફતેપુરા નગર માં ગંદકીનું સામ્રાજ્ય જ્યાં જુએ ત્યાં કાદવ કિચડ ચોમાસા પહેલા આવિ સ્થિતિ તો ચોમાસામાં શું થશે ?તંત્ર ક્યાં ગયું ?
- વહીવટદાર ના સીરે બે થી ત્રણ પંચાયતની જવાબદારી સરપંચની ટમ પુરી થતાં કામ કાજ ટલે ચડ્યું.

ફતેપુરા,

ફતેપુરા નગરમાં જ્યાં જુએ ત્યાં કાદવ જ કાદવ ગટરના ગંદા પાણી રસ્તા ઉપર વહેવાના કારણે મોટા મોટા ખાબોચીયાઓ ગંદા પાણીથી ભરાઈ ગયા છે. ત્યારે આ ખાબોચિયા વહીવટી વિભાગ તેમજ આરોગ્ય વિભાગને જોવાતા ન હશે કે શું ? કે પછી કોઈ જવાબદાર અધિકારી આ બાબતે એક્શન લેવા કેમ તૈયાર નથી ? ફતેપુરાના આમ નાગરિકને એવું તો શું થયું કે ગંદકી ભર્યા વાતાવરણમાં જીવવું પડે રહ્યું છે, કોઈ જવાબદાર અધિકારીને જોવાતું ન હશે કે પછી કોઈ રાજકારણ આ કામ કરવા દેતો ન હશે કે પછી નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત મિશનને ્શુરશુરીયુ કરવાના ફિરાગમાં છે.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા તાલુકામા ભુગર્ભ ગટર થોડા વર્ષો પહેલા બનાવવામાં આવી હતી. આ ભૂગર્ભ ગટરનું ગંદુ પાણી ફતેપુરાની વલય નદી ખાતે ફિલ્ટર પ્લાન્ટમાં ફિલ્ટર કરીને નદીમાં નાખવાનું હતું, પરંતુ ફતેપુરા નગરની ભુગર્ભ ગટર યોજના ફેલ જતા ચેમ્બરનું ગંદુ પાણી રસ્તાઓ ઉપર ફરી વળતાં જ્યાં જુએ ત્યાં કાદવ કિચડની ભરમાર જોવા મળી રહ્યો છે. આ કાદવ કિચડને દૂર કરવા માટે સ્થાનિક અધિકારીઓ એટલે કે ફતેપુરા ગ્રામ પંચાયતના તલાટી વહિવટદાર તાલુકા વિકાસ અધિકારીને જાણ કરવા છતાં પણ અધિકારીઓના પેટનું પાણી સુધા હાલતું નથી. જેના કારણે ફતેપુરાના નગરવાસીઓને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ફતેપુરા પોલીસ સ્ટેશન રોડ સરદાર પટેલના સ્ટેચ્યુ આગળનો ભાગ, રમેશ સુંદરની ગલીવાળો ભાગ, મેન બજાર વિસ્તાર તેમજ જૂના બસ સ્ટેશન વિસ્તારમાં ગટરના ગંદા પાણીના કારણે જ્યાં જુએ ત્યાં કાદવ કીચડ જોવા મળી રહી છે.

ફતેપુરા નગરમાં સરકારની ભૂગર્ભ ગટર યોજના દ્વારા ફતેપુરા નગરમાં ગટર બનાવવામાં આવી હતી, પરંતુ ભૂગર્ભ ગટર યોજના ફેલ જતા યોજના પર પાણી ફરી વળ્યું હતું. જૂની ગટર યોજના તોડીને નવી યોજનામાં ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં આવી હતી, પરંતુ આ ગંદા પાણી માટેના નિકાલ માટે બનાવવામાં આવેલા ચેમ્બરો કાદવ કિચડથી ભરાઈ જતા ગંદુ પાણી રસ્તા પર ફરી જાય છે. ગંદુ પાણી રસ્તા પર ફરી વળવાથી ગંદા પાણી માંથી વાંસ પણ આવે છે. તદ્દઉપરાંત મચ્છરજન્ય રોગોની ભરમાર પણ જોવા મળશે તો નવાઈ નહીં. ગંદા પાણી રસ્તા પર ફરી વળવાના કારણે લોકોને પડી જવાનો તેમજ ખરાબ થવાનો ભય પણ સતાવી રહ્યો છે.

ફતેપુરા ગ્રામ પંચાયતની વારંવાર રજૂઆત ને ધ્યાનમાં રાખીને જીલ્લા વિકાસ અધિકારીએ જેટિંગ પંપ તો મોકલી આપ્યો, પરંતુ ઓપરેટરના અભાવના કારણે આ જેટિંગ પંપ શોભાના ગાંઠિયા સમાન છે. ત્યારે જીલ્લા વિકાસ અધિકારી દ્વારા તાલીમ બધ વ્યક્તિઓ દ્વારા ભુગર્ભ ગટર યોજનાના ચેમ્બરો ગંદકીના કારણે ભરાઈ જવા પામ્યા છે. તેનો નિકાલ કરવામાં આવે અને ઘન કચરો કાઢીને સાફ સફાઈ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

ફતેપુરા ગ્રામ પંચાયતમાં સરપંચની મુદત પૂરી થતા વહીવટદાર નિવવામાં આવ્યા છે. તલાટી તેમજ વહિવટદારને બે થી ત્રણ પંચાયતનો વહીવટ કરવાની જવાબદારી તેમનાં શિરે હોય છે. તેથી વહીવટદાર લોકોના કામોને ધ્યાનમાં ન લીધા વગર મનસ્વી વહિવટી કરે છે. નગરના લોકોને પડતી મુશ્કેલીની વારંવાર રજૂઆત કરવા છતાં પણ પરિણામ શૂન્ય મળે છે.

ફતેપુરા નગરના મધ્યમાં મંદિર તેમજ મસ્જિદ આવેલી છે. મંદિર અને મસ્જિદમાં મોટાભાગના લોકો દર્શન અર્થે ઈબાદત અર્થે જતા હોય છે. ત્યારે આવા ગંદા પાણીવાળા પગ તેમજ ગંદકી ભર્યા વાતાવરણમાં મંદિર મસ્જિદ જવું પણ મુશ્કેલી બન્યું છે, તો નગરના મધ્યમાં કુમાર શાળાના બાળકો પણ આવા કાદવ કિચડવાળા પગ લઈ શાળામાં અભ્યાસ કરવા જાય છે. ત્યારે આવી પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહેલા ફતેપુરાના નગરવાસીઓની તકલીફ ક્યારે અને કોણ દુર કરશે તે જોવાનું રહ્યું.

ફતેપુરા નગરમાં નવીન ગટર બનાવવામાં આવે અને ગંદા પાણીનો યોગ્ય નિકાલ કરવામાં આવે તો ને તો જ આ સમસ્યા હલ થાય ગંદા પાણીના નિકાલ માટે નગરમાં ખુલી ગટરો બનાવવામાં આવે અને એ પણ કોઈ જવાબદાર અધિકારી દ્વારા કામ કરવામાં આવે તો જ આ સમસ્યાનો નિકાલ આવે તેમ છે. વોટબેંકની રાજનીતિના કારણે ગ્રામ પંચાયતના માજી સરપંચ ડેપોટી સરપંચ કે સભ્યો આ કામ કરે તો તેમનો વિરોધ ઊભો થાય તેમ છે. જેથી કરીને કોઈ જવાબદાર અધિકારીની નિરીક્ષણ હેઠળ અને જવાબદારી પૂર્વક કામ કરવામાં આવે તો સંપૂર્ણ સમસ્યાનો હાલ થશે, તેવું જાણવા મળી રહ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.260

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# એક વર્ષથી ગોધરા તાલુકાની ૩૦ ગ્રામ પંચાયતની ચૂંટણી ન થતાં ગામોના વિકાસમાં લાગી બ્રેક...?










## ગોધરા તાલુકાની ૩૦ ગ્રામ પંચાયતોની ચુંટણી વેળાસર કરાવાની માંગ ઉઠી

ગોધરા,

ગોધરા તાલુકાની ૧૦૬ ગ્રામ પંચાયત પૈકી ૩૦ ગ્રામ પંચાયતની ચૂંટણી ન થતા આ ૨૦ ગ્રામ પંચાયતમાં વહીવટદારો દ્વારા સંચાલન કરવામાં આવી રહ્યું છે. સરપંચની મુદત પૂર્ણ થયાના ૧ વર્ષ વીતવા છતાં આજદિન સુધી ચૂંટણી પ્રક્રિયા યોજાઈ નથી. જેના કારણે હાલ ગોધરા તાલુકાની ૩૦ ગ્રામ પંચાયતોમાં સરપંચ ન હોવાથી ધની વગરની ગ્રામ પંચાયતો થઈ જતા આ ગામોનો વિકાસ અટકી ગયો હોવાનું સ્થાનિક ગ્રામજનો જણાવી રહ્યા છે, તેમજ આ ગ્રામ પંચાયતોમાં સરપંચનો ચાર્જ કોઈ પાસે ન હોવાથી ગ્રામ જનોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવી ગયું છે. હાલ વિકાસ કામોમાં અડચણ ઉભી થતી હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે અને ગ્રામજનોને પડતી મુશ્કેલીને લઈને કોને કહેવું એ સૂઝતું નથી. ત્યારે વહેલી તકે ગ્રામ પંચાયતની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે તેવી માંગ ગ્રામજનો કરી રહ્યા છે. નોંધનીય છેકે, તલાટીની સંખ્યા પણ ૫૦ ટકા જ છે. જેથી તલાટી પાસે એક કરતાં વધારે ગ્રામ પંચાયતની જવાબદારી હોવાથી અરજદારોને સમયસર મળવું મુશ્કેલ બનતું હોય છે.

ગ્રામ પંચાયત એ ખરેખર ગામડાને લોકશાહી ઢબે ચલાવવા અને સરકારી નીતિઓ અને યોજનાઓ અમલ કરવા માટેનું સૌથી નાનું એકમ કહેવાય છે. ગ્રામ પંચાયત એ ગામનો વહીવહટ સંભાળતી મુખ્ય સંસ્થા છે. તેના વોર્ડના સભ્ય અને સરપંચને પસંદ કરવા માટે ગ્રામ પંચાયત સ્તરે ચૂંટણી યોજવામાં આવતી હોય છે. જેમાં ગામના લોકો મત આપી સભ્ય અને સરપંચને ચૂંટે છે અને આ જ સભ્ય અને સરપંચ ગામના વિકાસ માટે બેઠક યોજતા હોય છે અને ગ્રામ્ય કક્ષાના વિકાસને લગતા કાર્યો અહીંથી કરવામાં આવતા હોય છે, પરંતુ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં કુલ ૧૦૬ ગ્રામ પંચાયત આવેલી છે અને તે પૈકી ૩૦ ગ્રામ પંચાયત માં સરપંચનો કાર્યકાળ પૂર્ણ થઈ એક વર્ષ વીતી ગયો છે અને આ એક વર્ષ વીતવા છતાં આજદિન સુધી આ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજવામાં આવી નથી. જેના કારણે આ ૩૦ ગ્રામ પંચાયતોમાં સરપંચ ન હોવાથી અને સરપંચનો ચાર્જ કોઈ પાસે ન હોવાથી આ ગ્રામ પંચાયતમાં વહીવટદારો દ્વારા સંચાલન કરવામાં આવી રહ્યું છે.

પંચમહાલ જિલ્લામાં આવેલી ૫૨૫ માંથી ૧૩૮ ગ્રામ પંચાયતમાં પંચાયતનો વહીવટી સરકારની જોગવાઈ મુજબ નિયુક્ત કરાયેલા વહીવટદારો દ્વારા કરવામાં આવી રહ્યો છે. જેમાં ગોધરા તાલુકાની ૧૦૬ ગ્રામ પંચાયત માંથી ૩૦ ગ્રામ પંચાયત માં વહીવટદારો દ્વારા સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ ગ્રામ પંચાયતમાં સરપંચની મુદત પૂર્ણ થયેલી તેમજ વિભાજન થઈ અલગ કરાયેલી ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે. અંદાજીત છેલ્લા એક વર્ષથી આ તમામ ગ્રામ પંચાયતમાં સ્થાનિક ચૂંટાયેલા પ્રતિનિધિઓ વહીવટમાં નહિં હોવાથી સ્થાનિકોને ખૂબ જ તકલીફનો સામનો કરવો પડતો હોવાનો લોકબૂમ ઉઠી છે. વહીવટીદારમાં કેટલીક ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી જ છે, જેઓ પાસે એક કરતાં વધુ ગ્રામ પંચાયતની જવાબદારી છે. જેથી અરજદારોને ગ્રામ પંચાયત ખાતે વહીવટદાર રેગ્યુલર હજાર મળતાં નહિ હોવાથી છેક તાલુકા પંચાયત કચેરી સુધી લાંબા થવું પડે છે અને કયારેક એક દિવસમાં પોતાની જરૂરિયાત મુજબનું કામ પૂર્ણ નહિ થતાં બીજા દિવસે ધક્કો ખાવો પડતો હોય છે, તેમજ વિદ્યાર્થીઓને કોઈ દાખલો કાઢવો હોય તો ગોધરા જાઉં પડે છે જેના કારણે સમય અને નાણાં નો દુર્વ્યય થતો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. સ્થાનિકો જણાવી રહ્યા છે કે, ખેડૂતોને અનેક સમસ્યા હોય છે અને તેની રજુઆત સરપંચ જોડે કરવાની હોય છે, પરંતુ ગામમાં સરપંચ ન હોવાથી ગામના ખેડૂતોને ભારે હાલાકી ભોગવી પડી રહી છે. ત્યારે સ્થાનિકોમાં સરકાર પાસે વહેલી તકે ગ્રામ પંચાયતની ચૂંટણી પ્રક્રિયા યોજવામાં આવે એવી માંગ કરી રહ્યા છે.

સ્થાનિકો જણાવી રહ્યા છે કે, ગામના અરજદારોને હાલાકી ન પડે તે માટે સરકાર દ્વારા વહીવટદારોની નિમણૂક તો કરવામાં આવી છે, પરંતુ આ વહીવટદારો પાસે આગાઉ થી જ બે થી ત્રણ ગામનો ચાર્જ હોવાથી તેઓ ગામને પૂરતો સમય ફાળવી શકતા નથી. જેના કારણે કામ અર્થે આવેલા અરજદારોને ધરમ ના ધક્કા ખાવા પડી રહ્યા છે. જેથી અવાર નવાર વહીવટદારોને ગ્રામ જનોના રોષનો ભોગ બનવું પડે છે.. ગ્રામ પંચાયતના તલાટી પાસે પણ અન્ય ગ્રામ પંચાયતનો ચાર્જ હોવાના કારણે તેઓ પણ અઠવાડિયામાં એક કે બે વાર ગ્રામ પંચાયત પર આવતા હોય છે. જેના કારણે ગામનો વિકાસ અને ગામનો વહીવટીના કામો ક્યાંક ને ક્યાંક અટકી જવા પામ્યો છે. ત્યારે હવે ધની વગરનું ગામ બની જતા ગ્રામ જનોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. નાણાં પંચના કામ માટે આવેલી ગ્રાન્ટ મજૂર થયેલા આવાસોના કામ અધૂરા પડ્યા છે, ત્યારે હવે ગ્રામ જનોને પડતી મુશ્કેલીને લઈને કોને કહેવું અને કોના જોડે જાઉં એ ગ્રામ જનોને સૂઝતું નથી. ત્યારે વહેલી તકે ગ્રામ પંચાયતની ચૂંટણી યોજવામાં આવે અને ગામમાં વિકાસના કામ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## ગોધરા શહેરા ભાગોળ ફાટક પાસે પાણીના નિકાલ માટે પાલિકા દ્વારા ખોદેલ ખાડાઓ રાહદારીઓ માટે જોખમી બન્યા



- વયોવૃધ્ધ ખાડામાં પડતા બચ્યા.
- પાઈપો આવી હોવા છતાં કામગીરી પુરી કરવામાં ઢીલાશ.
- ચોમાસાના વરસાદ પહેલા પાઈપો નાખી ખાડાઓ પુરવા માંગ.

ગોધરા,

ગોધરા શહેરા ભાગોળ રેલ્વે ફાટક ખાતે અંડર બ્રીજની કામગીરી શરૂ કરાઈ છે. સાથે પાલિકા દ્વારા પાણીના નિકાલ માટે ખાડાઓ ખોદવામાં આવ્યા છે. ખાડાઓ ખોદી નાખવાને લીધે અવરજવર કરતા રાહદારીઓ તેમજ સ્કુલમાં અભ્યાસ અર્થે જતાં વિદ્યાર્થીઓ ખોદવામાં આવેલ ખાડો જોખમી બન્યા છે. ત્યારે પાણીના નિકાલ માટલ્ઠે પાઈપો નાખી ખાડાઓ પુરવામાં આવે તે જરૂરી છે. ખોદવામાં આવેલ ખાડાને લઈ વૃધ્ધ ખાડામાં પડતા બચ્યા છે.

ગોધરા શહેરા ભાગોળ રેલ્વે ફાટક પાસે અંડર બ્રીજ ગરનાળાની કામગીરી હાથ ધરાઈ છે. અંડર બ્રીજની કામગીરી થાય તે પહેલા પાલિકા વિસ્તારો માંથી ગંદા પાણીના નિકાલ અને વરસાદી પાણીના નિકાલ ધરાવતી કાંસનું કામ પાલિકા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું. જેના ભાગરૂપે પાલિકા દ્વારા એક માસથી પાણીના નિકાલની પાઈપો નાખવા માટે ખોદકામ કરી દેવામાં આવ્યું છે. રેલ્વે ફાટક ક્રોસીંગ પાસે ખાડાઓ ખોદી નાખવામાં આવ્યા છે. જેને લઈ રાહદારીઓ તેમજ સ્કુલમાં અભ્યાસ કરવા જતાં વિદ્યાર્થીઓ માટે જોખમી સાબિત થઈ રહ્યા છે. કોઈ રાહદારી શરતચૂકથી ખાડામાં ખાબડે તો જીવ જોદમમાં મુકાઈ શકે છે. આ વિસ્તામાં રહેતા ૭૭ વર્ષીય વયોવૃધ્ધ દુકાન ઉપર ઘરે જઈ રહ્યા હતા. ખાડા ઉપરથી પસાર થતી વેળાએ ખાડામાં પડી જતાં આકસ્મીક બચી ગયા હોય તેવા સીસી ટીવીમાં દ્રશ્યો કેદ થયા હતા. જો વયોવૃધ્ધ આ ખાડામાં પડયા હોત તો જીવ જોખમમાં મુકયો હોત રેલ્વે ફાટક પાસે પાલિકા દ્વારા પાણીના નિકાલ માટે પાઈપો નાખવા માટે ખાડા તો ખોદીને મુકયા છે. પરંતુ જો ખાડાઓ વેળાસર પાઈપો નાખી નહિ પુરવામાં આવે તો ચોમાસાના વરસાદની સીજનમાં પસાર થતાં રાહદારીઓ માટે જોખમી સાબિત થઈ શકે છે. ત્યારે પાલિકા તંત્ર દ્વારા શહેરા ભાગોળ ફાટક પાસે પાણીના નિકાલ માટે ખોદેલ ખાડાઓ કોઈનો જીવ જોખમાય તે પહેલા પુરવામાં આવે તે જરૂરી છે.

## શહેરાના ડેમલી તળાવ માંથી ગેરકાયદેસર મંજુરી વગર માટી અને રેતીનું ખનન


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાનાં ટીબા પાટીયાથી છકડીયા તરફ જવાના માર્ગને અડીને આવેલા ડેમલી ગામના તળાવમાં પાછલા કેટલાક દિવસોથી ગેરકાયદે ખનન થઈ રહયું છે. તંત્રની મંજૂરી વગર તળાવ માંથી રેતી અને મોહરમ કાઢીને ટ્રેક્ટરો સહિતના વાહનોમાં ભરીને હેરા ફેરી થઈ રહી છે. તળાવમાં આડેધડ ખોદકામ કરતા મોટા ખાડાઓ પણ પડી ગયા હોય ત્યારે અહી કોઈ બાળક કે મોટો વ્યક્તિ ન્હાવા પડે ત્યારે ઘટના બને તેવી શક્યતા હોવા સાથે સંબંધિત તંત્ર આ સામે કાર્યવાહી કરવામાં ખચકાઈ રહયુ તેમ લાગી રહયુ છે.

શહેરાના ટીબા પાટીયાથી છકડિયા તરફ જવાના માર્ગ ઉપર આવેલા ડેમલી ગામના મુખ્ય તળાવમાં પાછલા કેટલાક દિવસોથી ગેરકાયદે ખનન થઈ રહ્યું છે. ગ્રામ પંચાયતની કચેરીની નજીકમાં આ તળાવ આવેલુ હોવા સાથે તળાવની અંદર ૨૦ કરતાં વધુ ટ્રેક્ટર સહિતના વાહનોમાં રેતી અને મોહરમ ભરીને હેરાફેરી થતી હોય છે. રસ્તાને અડીને આવેલ આ તળાવ માંથી દિવસ અને રાત્રિ દરમિયાન મોટા પાયે ગેરકાયદે ખનન થતું હોવાથી આ તળાવની સુંદરતામાં પણ ઘટાડો થતો જોવા મળી રહ્યો હતો. આ ડેમલી ગામનુ મુખ્ય તળાવ ૫૦ વીઘા કરતા મોટું હોવા સાથે પાણીનો જથ્થો હોવાથી પશુપાલકો પણ પોતાના પશુઓને પાણી પીવડાવવા માટે અહીં આવતા હોય છે. જ્યારે ખનીજ ચોરો દ્વારા આ તળાવમાં મસમોટા ઊંડા ખાડાઓ પાડી દીધા હોય ત્યારે અહી બાળક કે મોટુ વ્યક્તિ ન્હાવા પડે ત્યારે ઘટના પણ બની શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ અહી થઈ રહયુ હોય તેમ કહી શકીએ તો નવાઈ નહી. રસ્તા ને અડીને આવેલ આ તળાવમાંથી લીઝ નહિ હોવા છંતા બેરોકટોક મોટા માથાઓ દ્વારા રેતી અને મોહરમ કાઢવામાં આવી રહી હોય ત્યારે સબંધિત તંત્રના છુપા આશીર્વાદ તો નથી કે શું? આ તળાવમાં અને આ ગામના આજુબાજુ વિસ્તારમાં આવેલ નદી અને કોતરમાં રેતી અને મોહરમ કાઢીને ખનીજચોર સરકારી તિજોરી ને નુક્શાન પહોંચાડી રહયા છે. ત્યારે જવાબદાર તંત્ર ને તેમના ઉચ્ચ અધિકારીઓ આદેશ કરે ત્યારબાદ અહીં કાર્યવાહી કરશે એવુ લાગી રહયુ છે. તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં ખનીજ ચોરી વધતી જતી હોય તેમ છતાં સ્થાનિક અને જીલ્લાનું જે જવાબદાર ખાણ ખનીજ વિભાગ કુણ નદી, ડેમલી તળાવ, ઉમરપુર ગામ પાસે પસાર થતી નદી તેમજ છોગાળાના ગામની આજુબાજુ વિસ્તારમાં સફેદ પથ્થરો જમીનમાંથી કાઢવામાં આવી રહયા હોય તે સામે અસરકારક કાર્યવાહી ક્યારે કરશે એ તો જોવું જ બન્યું છે.

## વેજલપુરમાં વહેલી સવાર થી મેઘરાજાની જબરજસ્ત બેટિંગ તળાવ અને નદીમાં નવા નીર આવ્યા


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

પંચમહાલના અનેક ગામોમાં મેઘરાજાએ વેહલી સવાર થી જબરજસ્ત બેટિંગ કરતા તળાવ તેમજ નદીમાં નવા નીર આવ્યા હતા. મેઘરાજાએ વેહલી સવાર થી ધમાકેદાર એન્ટ્રી કરતા વેજલપુર મોટા તળાવમાં વર્ષોથી આજુબાજુ ખેતરોનું વરસાદી પાણીનો નિકાલ માટેનો કોતેંડુ હતું. જે આજના યુગમાં જમીનોના ભાવ આસમાને પહોચતા મોટા તળાવ પાસે આવેલ જમીન માલિક દ્વારા જમીન ક્વર કરવા માટે કાલંત્રા તરફ જવાના રસ્તાની સાઈડે આવેલ કોતરમાં સિમેન્ટની પાઈપો નાખી માટી લેવલ કરી દેતા આજુ બાજુના ખેડૂતો પરેશાન થયા હતા અને વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થતા વરસાદી પાણી કાલંત્રા રોડ ઉપર ફળી વર્ળ્યું હતું. બીજી તરફ ખેડા ફળીયામાં આવેલ સ્વામિનારાયણ મંદિરની લાઈનમાં આવેલ મકાનો નીચાણવાળો વિસ્તાર હોવાથી અનેક મકાનોમાં વરસાદી પાણી ભરાયું હતું. વરસાદી પાણી માટે કોઈ ગટર લાઈન કે વરસાદી પાણીનો નિકાલ ન હોવાથી લોકો હેરાન પરેશાન થયા હતા.

## ઘોઘંબા અને કણબી પાલ્લીને જોડતા કરાડ નદીના પુલ ઉપર માટી ધસી વાહન ચાલકો હેરાન


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકામાં વરસેલા ભારે વરસાદને કારણે ઠેર ઠેર પાણી ભરાવાના બનાવ બન્યા છે. જેમાં ઘોઘંબા અને કણબી પાલ્લીને જોડતા કરાડ નદીના બ્રિજ ઉપર આજુબાજુની માટીનું ધોવાણ થતાં માટી પુલ ઉપર આવી જતા પુસ્કળ પ્રમાણમાં કિચડ થયું હતું. કિચડને કારણે અહીંથી પસાર થતાં ૩૦ એક જેટલા ગામોના વાહન ચાલકો પર અસર પહોંચી છે. બે પૈડાવાળા વાહનો માટે આ પુલ માથાનો દુખાવો બની ગયો છે. કિચડના થરમાં ફસાઈ જવાથી બાઈક સ્લીપ ખાઈ જવાના બનાવો બન્યા છે. પગપાળા પસાર થતાં રાહદારીઓને પુલની રેલિંગ પકડીને સામે પાર જવું પડે છે. શાળાએ અવર-જવર કરતા બાળકોની હાલત કફોડી બની હતી. આ મુદ્દે જાગૃત નાગરિકો દ્વારા તંત્રને અરજી આપી હતી, છતાં પણ તંત્ર દ્વારા આ મુદ્દાને ધ્યાને ન લેતા આ સમસ્યા સર્જાઇ હતી.

તંત્ર દ્વારા તાત્કાલિક પુલ ઉપરથી કિચડ દૂર કરી રાહાદારીઓ માટે રસ્તો ખુલ્લો કરવામાં આવે તેવી માંગ જાગૃત નાગરિકો દ્વારા કરવામાં આવી હતી.

## મોરવા(હ)ના કુવાઝર ગામે ઘર માંથી ભેંસવંશનું ૨ કિલો માંસ ઝડપી પાડયું

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના કુવાઝર ગામે બજાર ફળીયામાં પોતાના ઘરમાં ઓસરીમાં ભેંસવંશનું કત્તલ કરી થેલીમાં રાખેલ બે કિલો, મોબાઈલ ફોન મળી કુલ ૯૪૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના કુવાઝર ગામે બજાર ફળીયામાં રહેતા ઈશાક રસુલ રામપુરીયા પોતાના ઘરની ઓસરીમાં કોઈપણ જગ્યાએ ભેંસવંશનું કત્તલ કરી માંસનો જથ્થો બે કિલો કિંમત ૪૪૦/- રૂપીયા, મોબાઈલ ફોન સહિત ૯૪૦/- રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

## શહેરા તાલુકામાં ચોમાસાની શરૂઆતના અહેસાસ સાથે ખેડુતો ખેતી કામમાં જોતરાયા



શહેરા,

શહેરા તાલુકા પંથકમાં ચોમાસાની ઋતુનો અહેસાસ લોકોને થવા સાથે અમુક ખેડૂતો ખેતી કામમાં જોતરાયા હતા. જ્યારે ખેડૂતો એગ્રો સેન્ટર ખાતે ખાતર અને બિયારણની ખરીદી કરવા આવ્યા હતા.

શહેરામાં શનિવારના રોજ વરસાદી માહોલ જોવા મળ્યા બાદ રવિવારના રોજ પણ ચોમાસાની ઋતુ જેવો અહેસાસ પ્રજાજનોને થઈ રહ્યો હતો. જયારે રવિવારના રોજ વાતાવરણમાં ઠંડક પ્રસરવા સાથે ગરમી માંથી લોકોને થોડી ગણી રાહત થઈ હતી. ગ્રામીણ વિસ્તારના અમુક ખેડૂતો પરીવારજનો સાથે ખેતીકામમાં જોતરાયા હતા. ખેતરમાં ખેડૂતો બળદ થી ખેડ કરતા અને ટ્રેકટરથી પણ પોતાનું ખેતર ખેડાવતા નજરે પડી રહ્યા હતા. તાલુકા મથક ખાતે આવેલા એગ્રો સેન્ટર ખાતે બીયારણ અને ખાતરની ખરીદી માટે ખેડૂતોની ભીડ જોવા મળી હતી. વધતી જતી મોંઘવારી વચ્ચે આ વખતે ખાતર અને બિયારણના ભાવમાં ૫ ટકાથી ૧૦ ટકા જેટલો વધારો થયો હોવાનુ ખેડૂત દિલીપ ભાઈએ જણાવ્યું હતું. તાલુકાના ૩૦ કરતા વધુ ગામના ખેડૂતો વરસાદ આધારિત ખેતી કરતા હોય છે અને વરસાદ સમયસર આવશે એવી આશાએ મોંઘા ભાવનું બિયારણ પણ લાવતા હોય છે. સિંચાઈની સુવિધા વધુ ઉપલબ્ધ થાય તે માટે પાનમ સિંચાઈ વિભાગની કેનાલ લાંબી કરવામાં આવે અને આ સિંચાઈ કેનાલના આજુબાજુના ગામોનાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળી રહે તેવા પ્રયાસો પાનમ સિંચાઈ વિભાગ દ્વારા કરવામાં આવે તે પણ હાલની પરિસ્થિતિને જોતા અત્યંત જરૂરી લાગી રહયુ છે. આ વખતની ચોમાસાની સિઝનમાં સારી એવી ખેતી થાય તે માટે ધરતીપુત્રો મેઘરાજાને સમયસર વરસવા માટે પ્રાર્થના કરી રહયા હતા.

## ગોધરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં પાણી ભરાતાં ધારાસભ્યએ મુલાકાત લીધી



ગોધરા,

ગોધરા શહેરમાં અચાનક આવેલ ભારે વરસાદને કારણે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત ગોધરા વિધાનસભાનાં ધારાસભ્ય સી.કે. રાઉલજી દ્વારા લેવામાં આવી. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગોધરામાં વરસાદી પાણી ભરાઈ ગયેલ હોય બજાર સમિતિની પણ વેપારી પ્રતિનિધિઓ સાથે મુલાકાત લીધેલ. ભરાયેલ વરસાદી પાણીના સત્વરે નિકાલ માટે તમામ વિભાગના સબંધિતઓને સ્થળપ્રત બોલાવી, ચર્ચા વિચારણા કરી ધારાસભ્ય દ્વારા સત્વરે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ અને આગમી સમયમાં કોઈ મુશ્કેલી ઊભી ન થાય તે માટે જરૂરી તમામ કાર્યવાહી કરી સુયોગ્ય આયોજન કરવા જણાવેલ.

## ગોધરાની વાવડી ખુર્દ નવી વસાહતમાં આકાશી વિજળી પડતાં બે ભેંસોના મોત

ગોધરા,

ગોધરા તાલુકાના વાવડી ખુર્દ નવી વસાહત ૨૪ જુનના રોજ ઘર આગળ બાંધેલ ભેંસો ઉપર આકાશી વિજળી પડતા મરણ જતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના વાવડી ખુર્દ નવી વસાહતમાં રહેતા રમણભાઈ સવજીભાઈ વાગડીયાના ઘર આગળ બે ભેંસો બાંધેલ હતી. ૨૪ જુનના રોજ વરસેલ વરસાદમાં આકાશી વિજળી ત્રાટકીને ભેંસો ઉપર પડતા બન્ને ભેંસના મોત થતાં ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી.